

P.07

તમન્ના ભાટિયા અને વિજય વર્મા આવતા વર્ષે લગ્ન કરી શકે છે

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

સલમાન ખાને સ્પર્ધકોનો પર્દાફાશ કર્યો, નેશનલ ટીવી પર નવો હંગામો



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૦૯ । વિક્રમ સંવત ૨૦૮૧ : કારતક વદ ૧૦ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 109 • Dt. 25-11-2024 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


ભારતે યુએસ ૩૦૦ બિલિયન ડોલર ક્લાયમેટ ફાઇનાન્સ ડીલને નકારી : ભારતનું સન્માન વધ્યું 07



25 NOVEMBER- 2024 MONDAY



07 પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં ૨૪ કલાકમાં આદિવાસી સાંપ્રદાયિક હિંસામાં ૩૭ લોકોના મોત

### વર્ક પરમિટના નામે ૧૫ લાખ રૂપિયાનો ફ્રોડ

# યુકેની વર્ક પરમિટના નામે સિનિયર સિટિઝન સાથે ફ્રોડ

## કન્સલ્ટન્ટે આખી પ્રક્રિયા માટે ૨૨ લાખ રૂપિયાનો ચાર્જ કહ્યો હતો, જેમાંથી ૧૫ લાખ ચૂકવાયા પરંતુ કામ ન થયું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદના બોપલ એરિયાના એક સિનિયર સિટિઝન સાથે યુકેની વર્ક પરમિટના નામે ૧૫ લાખ રૂપિયાનો ફ્રોડ થયો હોવાનું બહાર આવ્યું છે. ૬૨ વર્ષીય સિનિયર સિટિઝને ફરિયાદ કરી છે કે એક વિઝા કન્સલ્ટન્ટે તેમના પુત્ર અને પુત્રવધુને યુકેના વર્ક પરમિટ અપાવી દેવાનું વચન આપ્યું હતું અને ૧૫ લાખ રૂપિયા લીધા હતા. જેમાં તેમની સાથે છેતરપિંડી થઈ છે. બોપલ પોલીસમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે સિનિયર સિટિઝનનો મોટો પુત્ર અને પુત્રવધુએ ૨૦૨૩માં યુકેના વર્ક વિઝા મેળવીને ત્યાં સેટલ થવાનો પ્લાન બનાવ્યો હતો. તેમના એક સ્વજને નડિયાદ સ્થિત કન્સલ્ટન્ટની ભલામણ કરી હતી. તેમણે બોપલમાં કામ કરતા એક મહિલા વિઝા કન્સલ્ટન્ટ સાથે તેમની ઓળખાણ




કરાવી હતી. કન્સલ્ટન્ટે આખી પ્રક્રિયા માટે ૨૨ લાખ રૂપિયાનો ચાર્જ કહ્યો હતો. ફરિયાદી સિનિયર સિટિઝને શરૂઆતમાં પાંચ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. વિઝા કન્સલ્ટન્ટની ઓફિસમાં આ પાંચ લાખ રૂપિયા રોકડમાં ચૂકવાયા હતા અને તેની સાથે તેમણે જરૂરી ડોક્યુમેન્ટ પણ આપ્યા હતા. ત્યાર પછી કન્સલ્ટન્ટે મેડિકલ એક્ઝામિનેશન, વિઝા અને ફ્લાઈટ ટિકિટના ખર્ચનું કારણ આપીને તેમની પાસેથી ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી.ફરિયાદીનું કહેવું છે કે વિઝા કન્સલ્ટન્ટે એક બાબતનું કન્ફર્મેશન આપ્યું હતું કે મેડિકલ ચેક બરાબર થઈ ગયું છે અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન પણ થઈ ગયું છે. ત્યાર પછી તેમણે વિઝા પ્રોસેસ માટે ૧૦ લાખ રૂપિયાની માગણી કરી હતી. તેમણે વચન આપ્યું કે એક વખત વિઝા અને એર ટિકિટ મળી જાય ત્યાર પછી બાકીના સાત લાખ રૂપિયા ચુકવવાના રહેશે. જૂન ૨૦૨૩માં ફરિયાદીએ કન્સલ્ટન્ટને ૧૦ લાખ રૂપિયા આપ્યા અને લેટર ઓફ સિક્યોરિટી તરીકે એક એમઓયુ મેળવ્યો. ફરિયાદીએ પોલીસને કહ્યું કે આ ૧૦ લાખ રૂપિયાનું પેમેન્ટ થઈ ગયા પછી તેમને ત્રણ મહિના સુધી પોતાના પુત્ર અને પુત્રવધુના વિઝા કે એર ટિકિટ વિશે કોઈ કન્ફર્મેશન મળ્યું ન હતું.
















મારો વિસ્તાર
મારો અવાજ

પળેપળના સમાચાર માટે www.lokpatrika.in

# મારું ગુજરાત

LOK PATRIKA
Ahmedabad, Monday 25-11-2024 | 02

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


### લસણ ૫૦૦ રૂપિયામાં ૧ કિલો, ગૃહિણીઓ પરેશાન

## મોંઘવારીથી જનતા ત્રસ્ત । શિયાળામાં પણ શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા


**રાજ્યમાં શાકભાજીના ભાવ લોકોને રડાવી રહ્યાં છે શિયાળો શરૂ થયો પરંતુ હજુ લોકોને રાહત મળી નથી**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

મોંઘવારીથી જનતા ત્રસ્ત છે. શાકભાજીના ભાવ એટલા વધી ગયા છે કે ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. જીવન જરૂરી વસ્તુના ભાવમાં સતત વધારાને કારણે ગરીબો અને સામાન્ય લોકોની સ્થિતિ મુશ્કેલ બની રહી છે. શિયાળો શરૂ થઈ ગયો હોવા છતાં ગુજરાતમાં અમદાવાદ સહિત અનેક જગ્યાએ હજુ શાકભાજીના ભાવ ખુબ વધારે છે. લસણ તો ૫૦૦ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આ સિવાય અન્ય શાકભાજીના ભાવ પણ ખુબ વધુ છે.

ઠંડીની મોસમમાં લસણના ભાવ આસમાને પહોંચ્યા છે..એક કિલો લસણનો ભાવ ૫૦૦ રૂપિયા પર પહોંચ્યો છે..જેના કારણે ગૃહિણીઓ માટે રસોઈમાં લસણનો ઉપયોગ કરવો મુશ્કેલ થયો છે. ગુજરાતમાં મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાંથી મોટાપાયે લસણની આયાત થાય છે. પરંતુ આ વર્ષે કમોસમી વરસાદના કારણે બંને રાજ્યોમાં લસણનું ઉત્પાદન ઓછું થયું છે. પુરતા પ્રમાણમાં લસણ ન આવતા ભાવ સતત વધી રહ્યા છે. જૂના લસણનો સ્ટોક પુરો થયો છે અને નવું લસણ આવ્યું નથી એટલે ભાવ આસમાને પહોંચ્યો છે. હજુ બે મહિના લસણના ભાવ આવા જ રહેવાની શક્યતા વેપારીઓ વ્યક્ત કરી રહ્યા છે.ગુજરાતમાં બે વર્ષ પહેલા લસણનો ભાવ સામાન્ય રીતે ૭૦-૭૫ રૂપિયા પ્રતિ કિલો હતો. પરંતુ હવે તેમાં ૬-૭ ગણો વધારો થઈ ગયો છે. અત્યારે લસણનો ભાવ ૫૦૦ રૂપિયા આસપાસ પહોંચી ગયો છે. સમયાંતરે પડી રહેલા કમોસમી વરસાદે પણ લસણના ભાવ પર અસર કરી છે. શિયાળો શરૂ થયો છે પરંતુ હજુ સુધી લીલા લસણની આવક શરૂ થઈ નથી. તેવામાં હજુ લોકોને લસણના ભાવમાં રાહત મળે તેમ લાગી રહ્યું નથી. સામાન્ય રીતે શિયાળો શરૂ થતાં શાકભાજીની આવક શરૂ થઈ જતી હોય છે. શિયાળામાં શાકભાજીના ભાવ ઓછા રહેતા હોય છે. પરંતુ આ વખતે હજુ શાકભાજીના ભાવ આસમાને છે. શાકભાજીના ભાવને કારણે ગૃહિણીઓ પરેશાન છે. અમદાવાદમાં વટાણા, મેથી, ગાજર અને તુવેરનો ભાવ ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો છે. ટામેટા અને ડુંગળી ૮૦ રૂપિયા પ્રતિ કિલો મળી રહ્યાં છે. આ સિવાય ગુવાર, ભીંડા, મરચા સહિત અન્ય શાકભાજીના ભાવ પણ ખુબ વધુ છે. મોંઘવારીથી જનતા ત્રસ્ત છે. શાકભાજીના ભાવ એટલા વધી ગયા છે કે ઘર ચલાવવું મુશ્કેલ બની રહ્યું છે. જીવન જરૂરી વસ્તુના ભાવમાં સતત વધારાને કારણે ગરીબો અને સામાન્ય લોકોની સ્થિતિ મુશ્કેલ બની રહી છે. શિયાળો શરૂ થઈ ગયો હોવા છતાં ગુજરાતમાં અમદાવાદ સહિત અનેક જગ્યાએ હજુ શાકભાજીના ભાવ ખુબ વધારે છે.





### ઘોડાસરમા યુવકનું મકરસંક્રાંતિ પહેલા ચાઈનીઝ દોરીથી ગળું કપાતા ઘટના સ્થળ પર મોત

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૪ ।

અમદાવાદમાં મકરસંક્રાંતિ પહેલા વાહન ચાલકોને ચેતવણી આપતો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ઘોડાસર વિસ્તારમાં બાઈક પર પસાર થઈ રહેલા યુવકનું ચાઈનીઝ દોરીથી ગળું દબાઈ જતાં ઘટનાસ્થળે જ મોત થયું હતું. આ બનાવ અંગે વટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.એ. ગઢવીના જણાવ્યા મુજબ નારોલ વિસ્તારમાં રહેતો ૨૭ વર્ષીય યુવક આજે સવારે ૬ વાગ્યે બાઈક પર ઘોડાસર ચોકડી પાસેથી કેનાલ તરફ આવી રહ્યો હતો. દરમિયાન અચાનક તેના ગળા પર ચાઈનીઝ દોરી વાગતા યુવક બાઈક સહિત રોડ પર પડી ગયો હતો અને લોહીલુહાણ થઈ ગયો હતો.પોલીસે સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં બાઈક પસાર કરતી વખતે ગળામાં દોરડું ફસાઈ ગયું હતું, જેથી યુવક દોરડું હટાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

### કારચાલકે પાથરણા વાળા પર ગાડી ચઢાવી દીધી, ૧નું મોત ૫ ઘાયલ

। પ્રતિનિધિ, ગાંધીનગર,તા.૨૪ ।

કલોલમાં એક ભયંકર અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. જેમાં એક કાર ચાલક દ્વારા પાથરણાવાળા પર ગાડી ચઢાવી દેવામાં આવી. જેના કારણે સ્થળ પર મોટી સંખ્યામાં લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. સાથે જ લોકોમાં ભારે રોષનો માહોલ પણ જોવા મળ્યો હતો. અકસ્માતની જાણ થતાં જ પોલીસ પણ તુરંત ઘટના સ્થળ પર પહોંચી હતી. કલોલના ખૂની બંગલા પાસેનો આ બનાવ છે. જ્યાં શાકભાજી વાળા પાથરણા પાથરીને બેસતા હોય છે. નવજીવન રોડ પર આવેલ ખૂની બંગલા પાસે કોર્ટ નજીક આ બનાવ બન્યો હતો. જેમાં ગાડી ચાલકે શાકભાજી વાળાઓ પર ગાડી ચઢાવી દીધી હતી. જેના કારણે ગાડી ચાલક અને લોકોની વચ્ચે ઝપાઝપીના દૃશ્યો પણ સર્જાયા હતા.આ ભયંકર અકસ્માતમાં એક મહિલાનું મોત થયું છે.

### ગુજરાતમાંથી નકલી અધિકારી ઝડપાયો, સરકારી બાબુ હોવાની ઓળખ આપી લાખોની ઠગાઈ કરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૪ ।

ગુજરાતમાં નકલી પોલીસ અધિકારી, જજ, કોર્ટ સહિત નકલીની ભરમાર વચ્ચે અમદાવાદમાંથી વધુ એક નકલી અધિકારી ઝડપાયો છે. મેહુલ શાહ નામનો આરોપી અસારવાની સ્કૂલના ટ્રસ્ટી હોવાનું અને મહેસૂલ વિભાગમાં પ્રમોશન થયું હોવાનું કહીને ભાડે ગાડી લઈ છેતરપિંડી આચરતો હતો. જોકે, ભાંડો ફૂટતા સરકારી અધિકારી હોવાનો રોફ જમાવીને ફરી રહેલા મેહુલ શાહની પોલીસે ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, શહેરના પાલડીના ફતેપુરામાં રહેતા પ્રતિક શાહ ગાડી ભાડે આપવાનું કામ કરે છે. તેમની પાસેથી આરોપી મેહુલે સરકારી વિભાગમાં ઊંચી પોસ્ટ પર અધિકારી હોવાનું કહીને ડ્રાઈવર સાથે ગાડી માગી હતી. પ્રતિકે આરોપી મેહુલ શાહને ગાડી ભાડે આપી હતી. બાદમાં કાર પર સાયરન, સફેદ પડદા અને ભારત સરકારનું સ્ટીકર લગાવવાનું કહેતા પ્રતિકે મેહુલ શાહ પાસે તે માટેનો પરમિશન લેટર માગ્યો હતો. આરોપી મેહુલે ગૃહ મંત્રાલય, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ રિસર્ચ ડેવલપમેન્ટ, સચિવ ગૃહ મંત્રાલય, ગાંધીનગરનો લેટર આપીને સાયરન અને સરકારનું સ્ટીકર લગાવડાવ્યું હતું. આરોપી મેહુલ શાહે મહેસૂલ વિભાગમાં પ્રમોશન થયાનું કહીને બીજી ગાડી માગી હતી.

### ગોધરા તાલુકાના કાશીપુરા ગામ અને કાલોલ તાલુકાના વેજલપુર ગામની ત્રણ અલગ-અલગ ઘટના

## પંચમહાલમાં સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય બાદ વિદ્યાર્થીની હત્યા । છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ લોકોની હત્યા

। પ્રતિનિધિ, દાહોદ,તા.૨૪ ।

ગુજરાતના પંચમહાલ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ હત્યાના બનાવ સામે આવ્યાં છે. જેમાં જિલ્લાના ગોધરા શહેર, ગોધરા તાલુકાના કાશીપુરા ગામ અને કાલોલ તાલુકાના વેજલપુર ગામની ત્રણ અલગ-અલગ ઘટનામાં ત્રણ લોકોના મોતની હત્યા કરવામાં આવી હતી. એક ઘટનામાં ત્રણ નરાધમોએ એક ૧૧ ધોરણના વિદ્યાર્થી પર સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરીને હત્યા કરી હતી. પોલીસે ત્રણેય ઘટનાને ધ્યાને લઈને ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી.કાલોલ તાલુકાના વેજલપુર ગામે ધોરણ ૧૧માં અભ્યાસ કરતા ૧૫ વર્ષના વિદ્યાર્થી પર ત્રણ નરાધમો સૃષ્ટિ વિરુદ્ધના કૃત્ય કર્યું હોવાની ઘટના સામે આવી છે. જેમાં ત્રણ શખસોએ વિદ્યાર્થીનું ગળુ દબાવીને હત્યા કર્યા બાદ મૃતદેહને ચલાલી પાસેના તળાવમાં ફેંકી દીધો હતો. આ પછી ત્રણેય શખસો ફરાર થઈ ગયા હતા.સમગ્ર ઘટનાને લઈને વેજલપુર પોલીસે વિદ્યાર્થીનો મૃતદેહ પીએમ અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ મોકલીને હત્યા અને પોક્સો હેઠળનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી. મળતી માહિતી પ્રમાણે, વેજલપુરના મોટા મહોલ્લા ખાતે રહેતા હુસેનભાઈ યુસુફભાઈ ગુગલાએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ગુરુવારના સાડા આઠ વાગ્યાના અરસામાં તેમના દીકરાને તેના મિત્રો આરીફ ઉર્ફે ડિંગુ યાકુબ પાડવા અને ઈમરાન ઉર્ફે ઈનાન કરીમભાઈ પથિયા અને બસીર ઈમરાન બાલા બાઈક ઉપર બેસાડીને ચલાલી ચોકડી પાસે લઈ ગયા હતા. જેમાં ચલાલી રોડ પરની અવાવરું જઈએ વિદ્યાર્થીને લઈ જઈને બળજબરીપૂર્વક સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું.વિદ્યાર્થી પોતાના ઘરે સમગ્ર ઘટના મામલે વાત ન કરે એટલાં માટે આરોપીએ ગળુ દબાવીને વિદ્યાર્થીનું મોત કર્યું હતું. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કાશીપુરા ગામે પતિએ પોતાની પત્નીને ધારિયાના ઘા મારીને હત્યા કરી નાખી હતી. મળતી માહિતી પ્રમાણે, વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના વરસડા ગામનો અરવિંદ પરમાર તેની પત્ની સાથે પત્નીના પિયર ગોધરા તાલુકાના કાશીપુરા ગામે ગયો હતો.

### ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં જપ્ત બેંક એકાઉન્ટમાં ત્રણ કરોડ જમા

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૪ ।

ખ્યાતી હોસ્પિટલ કેસની તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાન્ચની ટીમે યુએન મહેતા હોસ્પિટલના નિષ્ણાત તબીબો સાથે દર્દીઓની એન્જિયોપ્લાસ્ટી અને એન્જિયોગ્રાફી અંગે તપાસ શરૂ કરી હતી. ડો.પ્રશાંત વઝીરાનીએ કબૂલ્યું હતું કે હોસ્પિટલમાં દર્દીના ઓપરેશન અંગે નિયમોનો ભંગ થતો હતો.હોસ્પિટલ ક્રાઈમ બ્રાન્ચે અલગથી ટીમ બનાવી તપાસ શરૂ કરી હતી. શનિવારે પોલીસે યુએન મહેતા હોસ્પિટલના નિષ્ણાત તબીબો સાથે તપાસ હાથ ધરી હતીતેમને આપવામાં આવેલી દવાઓની વિગતોની ચકાસણી કરવામાં આવી રહી છે. યુએન મહેતા હોસ્પિટલના તબીબો સોમવાર સુધીમાં ક્રાઈમ બ્રાન્ચને રિપોર્ટ સોંપશે. અગાઉ યુએન મહેતા હોસ્પિટલમાં બોરીસણા ગામના ૧૭ દર્દીઓનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. સમગ્ર કેસની તપાસ માટે યુએમ મહેતા હોસ્પિટલના નિષ્ણાતોનો રિપોર્ટ મહત્વનો બની રહેશે.

### રાજકોટની ૨૦ સસ્તા અનાજની દુકાનમાં અનાજના જથ્થાની ભારે અછત

। પ્રતિનિધિ, રાજકોટ,તા.૨૪ ।

રાજકોટમાં સસ્તા અનાજની દુકાનમાં અનાજના જથ્થાની ભારે અછત હોવાનું સામે આવ્યુ છે. ૨૦ જેટલી દુકાનોમાં પૂરતો જથ્થો ન આવતા વેપારીઓ અને ગ્રાહકો વચ્ચે ઘર્ષણ સર્જાયુ છે. અધિકારીઓ સમક્ષ રજૂઆત કરવા છતા પુરવઠામાંથી જ જથ્થો ન મળ્યો હોવાનો વેપારીઓ આક્ષેપ કરી રહ્યાં છે.તુવેર દાળ માટે ૧૦૦ ટકા રુપિયા ભર્યા છતા માત્ર ૩૦ ટકા જ જથ્થો અપાયો હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. પૂરતો જથ્થો ન આવતા હોવાથી ગ્રાહકોને તુવેર દાળ ન ગ્રાહકોમાં રોષનો માહોલ જોવા મળ્યો હતો. સરકારમાંથી જથ્થો મોડો આવતા દુકાનોમાં જ જથ્થો ન પહોંચ્યો હોવાનું સામે આવી રહ્યું છે. વહેલીતકે સરકાર પૂરતા પ્રમાણમાં અનાજનો જથ્થો આપે તેવી વેપારીઓની માગ કરવામાં આવી રહી છે.




### વધુ એક વખત સોપારીની દાણચોરી ઝડપાઈ

# કચ્છમાં દાણચોરીના વધુ એક કેસમાં ઉપલેટાના ત્રણ શખ્સો ૧.૬૧ કરોડની સોપારી સાથે પકડાયા

**ગાંધીધામના ચુડવા ગામ પાસે હાઇવે ઉપર પાર્કિંગ પ્લોટમાં ઉભેલ બે ટ્રેઇલરની તપાસ કરતા ૫૩૯૫૦ કિલો સોપારીનો જથ્થો ઝડપ્યો**

। પ્રતિનિધિ, ભુજ,તા.૨૪ ।

કચ્છમાંથી વધુ એક વખત સોપારીની દાણચોરી ઝડપાઈ છે. કેન્દ્ર સરકારની આયાત નિકાસ નીતિનો ગેરલાભ લઈ કરાતી દાણચોરીની પ્રવળત્તિ ઉપર અંકુશ લાવવામાં એજન્સીઓ ઊણી ઉતરી રહી છે. આ વખતે કસ્ટમ દ્વારા ક્લિયર કરાયેલા કન્ટેનરમાથી પોલીસે દાણચોરી ઝડપી પાડતા કસ્ટમ ની કામગીરી ફરી એક વખત ચર્ચાનું કેન્દ્ર બની છે. પૂર્વ કચ્છ એલસીબી પોલીસે ગાંધીધામના ચુડવા ગામ પાસે હાઈવે ઉપર પાર્કિંગ પ્લોટમાં ઉભેલ બે ટ્રેઈલરની તપાસ કરતા તેમા રોક સોલ્ટ સિંધાલૂણ મીઠાને બદલે ૫૩૯૫૦ કિલો સોપારીનો જથ્થો નીકળી પડ્યો હતો.મુન્દ્રા પોર્ટ ઉપર દુબઈથી ઉતરેલ આ સોપારીનો જથ્થો જેની બજાર કિંમત ૧.૬૧ કરોડ રૂ. થાય છે એ અમદાવાદ મોકલવાનો હતો. સોપારીની દાણચોરીના આ કિસ્સાની સુરક્ષાની દ્રષ્ટીએ



ગંભીરતા એ છે કે તે મુન્દ્રા પોર્ટ ઉપર કસ્ટમે ક્લિયર કરેલ ક્ન્ટેનર હતા અને તે જથ્થો પોલીસે ઝડપી પાડયો. પોલીસે આ દાણચોરીના માલની હેરફેર કરનાર મુખ્ય શખસ હાલે ગાંધીધામ, કચ્છમાં રહેતા જુનેદ યાકુબ નાથાણી (મૂળ રહેવાસી ઉપલેટા, કટલેરી બજાર, ધંધુશાપીરની દરગાહ પાસે) ઝડપી પાડ્યો છે. જુનેદ કંડલા ફ્રી ટ્રેડ ઝોન કાસેઝમાં સેક્ટર ૪, શેડ ન. ૨૭૮ માં અનિતા એક્સપોર્ટ નામે કંપની ચલાવે છે. તેના ભાઈ જાવેદની પત્ની નઝીરાબેન જાવેદ નાથાણીને નામે કંડલા ફ્રી ટ્રેડ ઝોન કાસેઝમાં સેક્ટર ૪, પ્લોટ ન.૪૧૯ માં એફ. એન. ઈમ્પેક્સના નામે ગોડાઉન પણ છે. આ ગોડાઉનમાં વિદેશથી આવતા ખજૂર, મીઠું કે અન્ય માલસામાન રખાય છે.જુનેદની પૂછપરછ દરમ્યાન તે થોડા સમય પહેલા મુંબઈમાં રિયાઝ મેમણને મળ્યો હોવાનું અને તેની સાથે મળી દાણચોરીનું આ ષડયંત્ર રચ્યું હોવાનું જાણવા મળ્યું છે. રિયાઝને દુબઈથી સોપારીને બદલે રોક સોલ્ટનું બીલ બનાવવાનું કહી આ જથ્થો દુબઈથી અનંત સ્ટાર એલએલસી પાસેથી એફ.એન. ઈમ્પેક્સ કાસેઝ કંડલાના નામે આયાત કરાયો હતો. બે ક્ન્ટેનર મુન્દ્રા પોર્ટ ઉપર ઉતર્યા બાદ તેનું જુનેદ દ્વારા કસ્ટમ ક્લિયર કરાવી લઈ ગૌતમ ટ્રાન્સપોર્ટનો કોન્ટેક્ટ કરી બે ટ્રેઈલર ભાડેથી લઈ આ માલ અમદાવાદ લઈ જવા ગોઠવણ કરી હતી. દરમ્યાન પોલીસે ગૌતમ ટ્રાન્સપોર્ટના પાર્કિંગ પ્લોટ ઉપર થી જ બે ૧.૬૧ કરોડની ૫૩૯૫૦ કિલો સોપારી સાથે બે ક્ન્ટેનર ઝડપી લીધા હતા.પોલીસે સ્થળ ઉપરથી દાણચોરીથી સોપારી આયાત કરનાર જુનેદ યાકુબ નાથાણી ઉપરાંત બે ટ્રેઈલરના ડ્રાઈવરો વિશાલ જાટવ અને બાબુલાલ ગુર્જરને ઝડપી પાડ્યા હતા.

---

### ઠંડા પવનો ફૂંકાતા વાતાવરણ ઠંડુગાર બન્યું

# ગુજરાત પાંચ દિવસ પર હાડ થીજવતી ઠંડી માટે તૈયાર રહે, ઠંડીમાં વધારો થશે

। પ્રતિનિધિ, અમદાવાદ,તા.૨૪ ।

દેશમાં ઉત્તરથી ઉત્તરપૂર્વ પવનની દિશાને લઈને ઠંડીમાં વધારો જોવા મળી રહ્યો છે. હિમાલય તરફના પવન ફુંકાતા તાપમાનમાં ઘટાડો આવ્યો છે. બે દિવસથી તાપમાનો પારો ગગડતા રાજ્યમાં પણ ઠંડા પવનો ફૂંકાતા વાતાવરણ ઠંડુગાર બન્યું છે. અમદાવાદમાં પણ પારો ગગડતા ઠંડીમાં થયો વધારો થયો છે. હવામાન વિભાગે ઠંડીને લઈને આગાહી કરી છે કે આગામી ૫ દિવસ સુધી તાપમાન સુકુ જ જોવા મળતા ઠંડી અનુભવાશે.રાજ્યમાં ઠંડીનું આગમન થઈ ગયું છે. ઠંડીનો ચમકારો વધતા રાજ્યભરમાં તાપમાનનો પારો નીચે ગગડ્યો છે. અનેક સ્થળોએ લઘુત્તમ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રી જેટલો ઘટાડો થયો છે. તાપમાનનો પારો ગગડતા વહેલી સવારે લોકોને ઠંડીનો અનુભવ થયો. ઠંડીથી રક્ષણ માટે લોકોએ ગરમ કપડા પહેરવાની શરૂઆત કરી દીધી છે.અમદાવાદના તાપમાનની વાત કરીએ તો ૧૬ ડિગ્રી તો ગાંધીનગરમાં ૧૫ ડિગ્રી તાપામાન નોંધાયું છે. શિયાળાની સિઝન શરૂ બાદ જ હવે ધીમે ધીમે રાજ્યમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે, ગુલાબી ઠંડીનું જોર વધતા લોકો તાપણાનો સહારો પણ લેતા જોવા મળી રહ્યા છે. જ્યારે બીજી તરફ કેટલાક લોકો ઠંડીમાં પર્યટક સ્થળો ફરવા જવાનું વધુ પસંદ કરી રહ્યાં છે.

# મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

। પ્રતિનિધિ,લુણાવાડા, તા.૨૪ ।

મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી એક યુવકનો મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ છે. લુણાવાડાના છાત્રાલયમાંથી યુવકનો મૃતદેહ લટકતચી હાલતમાં મળી આવ્યો હતો. તપાસમાં બાબા સાહેબ આંબેડકર ભવન ખાતેથી યુવાનનો મૃતદેહ મળ્યો હોવાનું બહાર આવ્યું છે.પ્રાથમિક તપાસમાં અગમ્ય કારણોસર યુવકે આપઘાત કર્યો હોવાનું બહાર આવ્યું છે. આ અંગે લુણાવાડા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસને જાણ કરાતા લુણાવાડા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. તપાસમાં કુમાર છાત્રાલયમાં ફરજ દરમિયાન યુવકે જીવન ટુંકાવ્યું હોવાનું બહાર આવ્યું છે. બીજીતરફ પોલીસે આ યુવકે આપઘાત કર્યો છે કે તેની હત્યા થઈ છે તે અંગે તપાસ હાથ ધરી છે. મહિસાગરના લુણાવાડામાં છાત્રાલયમાંથી એક યુવકનો મૃતદેહ મળતા ચકચાર મચી ગઈ છે.







## તંત્રી લેખ..

# રાજનીતિના નામે કોઈને ગમે તે કહેવાની છૂટ ન આપી શકાય

રાહુલ ગાંધીની માઠી બેઠી લાગે છે. સુરતની એક અદાલત દ્વારા અપરાધિક માનહાનિના એક કેસમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા સંભળાવ્યા બાદ આજે તેમની સંસદીય સદસ્યતા પણ ચાલી ગઈ છે. હવે ખબર નહીં આગળ શું થશે, પરંતુ પોતાની સજા પર રાહુલ ગાંધીના એમ કહેવાનો કોઈ મતલબ નથી કે સત્ય મારો ભગવાન છે. મહાત્મા ગાંધીના આ કથનનો ઉલ્લેખ કરવો એટલા માટે વ્યર્થ છે, કારણ કે તેમને જે નિવેદન માટે માનહાનિના દોષીત ગણાવવામાં આવ્યા છે, તેને સત્ય સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાનો સાધવા માટે લલિત મોદી, નીરવ મોદીનો ઉલ્લેખ કરતાં એમ જે કહ્યું હતું કે તમામ મોદી ચોર કેમ હોય છે, તે દરેક દૃષ્ટિએ એક અપમાનજનક અને અભદ્ર નિવેદન હતું. ગત લોકસભા ચૂંટણીના અવસર પર તેમના તરફથી આપવામાં આવેલ આ નિવેદન એક જાતિ વિશેષના લોકો પ્રત્યે તેમની દુર્ભાવના જ દર્શાવે છે. આ જ કારણ છે કે તેમને માનહાનિના દોષી ઠેરવવામાં આવ્યા. રાહુલ ગાંધીને એ આભાસ હોવો જોઈતો હતો કે પોતાના એક નવેદનથી એક જાતિના લોકોને તેઓ લાંછિત કરી રહ્યા હતા. તેઓ કોંગ્રેસના મોટા નેતા છે, તેનો મતલબ એ નહીં કે તેઓ સંભાળીને બોલવાનું છોડી દે અને જે મનમાં આવે, તે બોલી નાખે. સમસ્યા એ છે કે તે એવું જ કરતા રહે છે અને એ જ કારણે રહી-રહીને ટીકા અને વિવાદનું કેન્દ્ર બનતા રહે છે. કોઈને કશું પણ કહી દેવું અને ત્યાં સુધી કે અપમાનજનક શબ્દોનો પ્રયોગ કરવો બેજવાબદાર હરકત જ નહીં, ખુદને અતિ વિશિષ્ટ સમજવાની માનસિકતા પણ છે. જાહેર જીવનમાં આવી સામંતી માનસિકતા માટે કોઈ સ્થાન ન હોઈ શકે. આજે આ માનસિકતાને કારણે તેમણે સંસદનું સભ્યપદ ગુમાવવું પડ્યું છે, તે કોઈ જેવું તેવું નુકસાન નથી. રાહુલ ગાંધીએ પોતાના અપમાનજનક નિવેદન માટે ક્ષમા માંગી લેવાની જરૂર હતી, પરંતુ રાજકીય કારણોસર તેમણે એવું કરવાનો ઈનકાર કર્યો. પરિણામ એ આવ્યું કે આજે તેમના રાજકારણ પર જ બ્રેક લાગી ગઈ. જોકે પોતાની આ હાલત માટે તેઓ બીજા કોઈને દોષ ન આપી શકે. વિચિત્ર વાત એ છે કે કોંગ્રેસીઓ રાહુલ ગાંધીનો બચાવ કરતાં ન્યાયિક પ્રક્રિયા પર જ પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. એનાથી કશું વળવાનું નથી. રાજનીતિના નામે કોઈને ગમે તે કહેવાની છૂટ ન આપી શકાય. રાહુલ ગાંધી તો એ સારી રીતે જાણતા જ હતા કે સુપ્રીમ કોર્ટની એક ટિપ્પણીને ખોટી રીતે ઉલ્લેખ કરતાં જ્યારે તેમણે એમ કહી દીધું હતું કે હવે તો શીર્ષ અદાલત પણ કહી રહી છે કે ચોકીદાર ચોર છે, ત્યારે તેમણે નાકલીટી તાણીને માફી માંગવી પડી હતી. રાહુલનું સાંસદ પદ ગયું એમાં કોંગ્રેસીઓ ઘણા બેબાકળા થઈ ગયા છે. જોકે આવું પહેલી વાર નથી થયું.

# એનજીઓ જાસૂસીમાં પણ સામેલ

રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિમાં પણ કેટલીક બિનસરકારી સંસ્થાઓ રહી છે. આ સંસ્થાઓ સરકારની વિકાસ પ્રવૃત્તિ આડે અડચણરૂપ બની જાય છે. ભારતના ઘણા પછાત આદિવાસી વિસ્તારોમાં સરકારની કામગીરીનો વિરોધ એનજીઓ જાણી જોઈને કરે છે. કામગીરી રોકાઈ જાય તેવો હેતુ રહે છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર એનજીઓનો ઉપયોગ જાસુસી માટે પણ થાય તેવા અહેવાલ મળી ચુક્યા છે. એફએટીએફના અહેવાલ પ્રકાશિત થતા પહેલા વર્ષ ૨૦૧૦માં ભારત સરકારે કઠોર પગલા લઈને એફસીઆરએની રચના કરી હતી અને એફટીએફના રિપોર્ટ પહેલા જ કેટલાક બિનસરકારી સંગઠનોને રાજકીય છત્ર હેઠળ લાવીને તેમને વિદેશી સહાયતા મેળવવાના મામલાથી બચાવી લેવામાં આવ્યા હતા આ તરત જ કરવમાં આવેલી કાર્યવાહી પાછળ દુનિયાના દેશોને એવો સંદેશો પણ આપવાનો હેતુ હતો કે ભારત હવાલા અને ત્રાસવાદી સંગઠનોને સામે કઠોર કાર્યવાહી કરવાનું જાણે છે અને તે આ પ્રકારની ગતિવિધિને કોઈપણ સંજોગોમાં ચલાવી લેશે નહીં. પરંતુ આની સાથે સાથે આ કાયદાએ સરકારને અસહમતિના અવાજોને દબાવી દેવા અને માનવઅધિકાર માટે લડનારની સામે કાર્યવાહીના અધિકાર પણ આપી દીધા હતા. હવે નરેન્દ્ર મોદી સરકારે ૧૦ હજારથી વધારે બિનસરકારી સંગઠનોના લાઈસન્સ રદ્દ કરી ચૂકી છે. સાથે સાથે સરકાર નવા દિશાનિર્દેશો પણ જારી કરી ચુકી છે. જે વિદેશી સહાયતા મેળવનાર સાથે સંબંધિત છે. નવા નિયમો મુજબ બિનસરકારી સંગઠનોને વિદેશમાંથી પ્રાપ્ત સહાયતાની રકમની સાત દિવસની અંદર માહિતી આપવી પડશે. જે બેંકોના માધ્યમથી આ વિદેશી નાણાં બિનસરકારી સંગઠનના ખાતામાં જમા થશે તેમને આ માહિતી ૪૮ કલાકની અંદર આપવી પડશે. આવી જ રીતે બિનસરકારી સંગઠનોને પોતાના નાણાંને દેશ માટે ઘાતક ગતિવિધિમાં સામેલ કરવાની મંજુરી આપી નથી. જાણકાર લોકોનું કહેવું છે કે ભારત કેટલાક દેશોમાં પડોશી દેશો કરતા આગળ છે. બાંગ્લાદેશ તો ભારતથી પણ આગળ છે. બાંગ્લાદેશે બ્લોક સ્તરના અધિકારીઓને બિનસરકારી સંગઠનોને બંધ કરવા સુધીના અધિકારો આપી દીધા છે. પાકિસ્તાનમાં પણ ૩૦૦૦થી વધારે બિનસરકારી સંગઠનોને રાષ્ટ્રના હિતમાં કામ નહીં કરવાના કારણે પોતાના કામકાજને સમેટી લેવા માટે સૂચના આપી દીધી છે. શ્રીલંકાના પૂર્વ પ્રમુખ રાજાપક્ષયે તો આનાથી પણ આગળ વધીને બિનસરકારી સંગઠનોની પત્રકાર પરિષદ પર પણ બ્રેક મૂકી દીધી હતી. ભારતમાં બિનસરકારી સંગઠનોને લઈને ઘૃણાની સ્થિતિ રહી નથી બલકે કેટલાક સરકારી વિભાગ તો તેમની સહાયતાથી પોતાના કાર્યક્રમ સુધી પણ આયોજિત કરે છે. જાસુસીમાં પણ ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ એને ગણી શકાય છે જે દેશની પ્રગતિમાં બાધાજનક છે. કેટલાક વિદેશી ફંડિંગ મેળવતા સંગઠનો આવી ગતિવિધિ ચલાવી રહ્યા છે. તમિળનાડુના કુડનકુલમમાં બનનાર પરમાણુ ઉર્જા યુનિટના વિરોધ કરનાર એનજીઓની વ્યૂહરચના સામે પ્રશ્નો ઉઠતા રહ્યા છે. આવી જ રીતે ભારતમાં પછાત આદિવાસી વિસ્તારોમાં સરકાર દ્વારા કરવામાં આવી રહેલી વિકાસ ગતિવિધિનો વિરોધ ઘણા એનજીઓ કરી રહ્યા છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### સૂર્ય કરતાં ૮૦ ગણો વધારે ભારે બ્લેકહોલની અજબ ગજબ ગતિવિધિઓ પકડાઈ

**બ્લેકહોલ એ શક્તિશાળી ગુરુત્વાકર્ષણ ક્ષેત્ર ધરાવતી ખગોળીય વસ્તુ છે. તે પોતાના ગુરુત્વાકર્ષણથી આસપાસની વસ્તુઓને પોતાની તરફ ખેંચે છે. બ્લેક હોલ બ્રહ્માંડની એક એવી જગ્યા છે કે જ્યાંથી કશુંજ પાછું આવી શકતું નથી, વિદ્યુતચુંબકીય તરંગો કે પ્રકાશ પણ પાછો આવી શકતો નથી.**

# નાસાના વૈજ્ઞાનિકોએ નિહાળ્યો અજૂબો:સુર્ય કરતાં ૮૦ ગણા ભારે બ્લેક હોલનું રહસ્ય ઉકેલાયું

**ટાઇટન એ શનિનો છઠ્ઠો ઉપગ્રહ છે. પૃથ્વીના ચંદ્ર કરતાં તેનો વ્યાસ ૫૦ ટકા મોટો છે અને તે ચંદ્ર કરતાં ૮૦ ટકા મોટો છે. સૂર્યમાળામાં તે ગુરુના ચંદ્ર ગેનીમિડ પછી બીજા ક્રમનો સૌથી મોટો ચંદ્ર છે**



ટાઇટનની શોધ માર્ચ ૨૫ ૧૬૫૫માં ડચ ખગોળશાસ્ત્રી ક્રિસ્ટીન હાઇજીન્સે કરી હતી. હાઇજીન્સ ગેલેલિયોએ ૧૬૧૦માં કરેલ ગુરુના ચાર મોટા ચંદ્રોની શોધ અને તેણે ટેલિસ્કોપ માં કરેલ ફેરફારોથી પ્રભાવિત થયો હતો. ક્રિસ્ટિને તેના ભાઈની મદદથી ૧૬૫૦માં ટેલિસ્કોપ બનાવવાનું શરૂ કર્યું અને શનિની ભ્રમણકક્ષાની ફરતે ચંદ્રની શોધ તેમણે બનાવેલા ટેલિસ્કોપ વડે કરી હતી.

ટાઇટન એ શનિનો છઠ્ઠો ઉપગ્રહ છે. પૃથ્વીના ચંદ્ર કરતાં તેનો વ્યાસ ૫૦ ટકા મોટો છે અને તે ચંદ્ર કરતાં ૮૦ ટકા મોટો છે. સૂર્યમાળામાં તે ગુરુના ચંદ્ર ગેનીમિડ પછી બીજા ક્રમનો સૌથી મોટો ચંદ્ર છે અને કદમાં સૌથી નાના ગ્રહ બુધ કરતાં ૪૦ ટકા મોટો છે. ટાઇટનની શોધ ડચ ખગોળશાસ્ત્રી ક્રિસ્ટીન હાઇજીન્સે ૧૬૫૫માં કરી હતી. ટાઇટન એ શનિનો સૌપ્રથમ શોધાયેલો પ્રથમ ઉપગ્રહ અને બીજા ગ્રહનાં ઉપગ્રહોમાં પાંચમો શોધાયેલ ચંદ્ર હતો.

ટાઇટન મુખ્યત્વે પાણીનો બરફ અને ખડકાળ પદાર્થો ધરાવે છે. શુક્રની જેમ ગાઢ વાતાવરણને લીધે ટાઇટનની સપાટીનો અભ્યાસ શક્ય બન્યો ન હતો. ૨૦૦૪માં કાસિની-હાઇજીન્સ મિશનને કારણે નવી માહિતી મળી છે. ટાઇટનના ધ્રુવો પર હાઇડ્રોકાર્બનના તળાવો આવેલા છે. ટાઇટનની સપાટી મોટાભાગે કેટલાક ખાડાઓની સાથે સપાટ છે, પરંતુ પર્વતો અને અન્ય જ્વાળામુખીઓ પણ મળ્યાં છે.

ટાઇટનનું વાતાવરણ મુખ્યત્વે નાઇટ્રોજનથી બનેલું છે. તેમાં રહેલા અન્ય વાયુઓ મિથેન-ઈથેનના વાદળો અને નાઈટ્રોજનથી ભરેલ ધુમ્મસ બનાવે છે. વાતાવરણ પવન અને વરસાદ ધરાવે છે. સપાટી પર પૃથ્વીની જેમ ઢુવાઓ, નદીઓ, તળાવો, દરિયો (કદાચ મિથેન-ઈથેનનો) આવેલાં છે. તેના પર પૃથ્વીની જેમ ઋતુઓ પણ છે. સપાટી અને સપાટીની નીચે પાણી હોવાથી ટાઇટન પર પૃથ્વીની જેમ મિથેનનું જળ ચક્ર નીચા તાપમાન પર ચાલે છે.

શનિ ગ્રહના ટાઇટન મૂન પર નાસા ડ્રેગનફલાયસ્પેસ અભિયાન હવે હાથ ધરવા જઈ રહ્યું છે. નાસાના પ્લેન્ટરી સાયન્સ જર્નલમાં પ્રકાશિત શોધપત્રમાં ડ્રેગનફલાય મિશનનો ઉલ્લેખ ટાઇટનનું વાયુમંડળ પૃથ્વીને મળતું આવતું હોવાથી અભિયાન મહત્વનું બનશે.

પૃથ્વીને મળતું આવતું વાતાવરણ ધરાવતા શની ગ્રહના મૂન ટાઇટન પર અમેરિકાની સ્પેસ એજન્સી નાસા ડ્રેગન ફલાય નામનું મિશન શરુ કરશે. સૌરમંડળના ગ્રહોમાં શનિ સૌથી વધારે ચંદ્ર એટલે કે મૂન ધરાવે છે. સૌરમંડળના ગ્રહોના મૂનમાં શનિનો ટાઇટન સૌથી જુદો પડે છે. ટાઇટન પર વાયુ મંડળ છે અને સપાટી પર જે તરલતા જોવા મળે છે તેના આધારે જળવાયુ પૃથ્વી જેવું જણાય છે. ટાઇટન પર પાણીના સ્થાને મિથેનનો વરસાદ થાય છે પરંતુ વૈજ્ઞાનિકો ઘણા સમયથી એવું માને છે કે અહીંયા જીવન હોવાની શકયતા રહેલી છે. ટાઇટન પરના આ અંગે સંશોધન માટે નાસાએ ડ્રેગન ફલાય અભિયાન મોકલવાનું નકકી કર્યુ છે.

ડ્રેગનફલાય અભિયાન વર્ષ ૨૦૩૦ સુધીમાં એક રોટોક્રાફટ મોકલશે જે ટાઇટનની સપાટી પર પહોંચીને અવલોકન કરશે.આ અંગે નાસાના પ્લેન્ટરી સાયન્સ જર્નલમાં સાયન્સ ગોલ્સ એન્ડ ઓબ્જેકિટવ્સ ફોર ડ્રેગનફલાય ટાઇટન રોટોક્રાફટ રીલોકેટેબલ લેંડર નામનું શોધપત્ર પ્રકાશિત થયું છે. ટાઇટન પર અભિયાન હાથ ધરવા માટેના લક્ષ્યાંકોમાં રાસાયણિક જૈવ સંકતોનું સંશોધન, ટાઇટન પર રહેલું મીથેન ચક્ર,વાયુમંડળનું સંશોધન અને જીવનની શરુઆતમાં પર્વનું રાસાયણિક વિજ્ઞાન વગેરે છે. સ્ટડીના સહ લેખક એલેકસ હેસનું કહેવું હતું કે ટાઇટન પર જે સંશોધન કરવા ઈચ્છીએ છીએ તેનું રિઝલ્ટ શું હશે એ અંગે જરાં પણ અંદાજ લગાવી શકાય તેમ નથી. ૧૩ વર્ષથી કેસિની શનિ ગ્રહને ચક્કર લગાવી રહયું છે પરંતુ ટાઇટનની સપાટી પર મીથેનવાયુ ધરાવતું વાતાવરણ હોવાથી જાણકારી મળી શકતી નથી. કેસિનીના રડારે કેટલીક આકૃતિઓ અને ઈમેજ ઝીલી છે પરંતુ ટાઇટન મૂન કેવી રીતે બન્યો છે તેની રચના અંગે જાણવા મળતું નથી. ટાઇટન પરનું વાયુમંડળનું વાતાવરણ મિથેનનું છે એના માટે પણ પહેલા દ્વીધા હતી. સપાટી પર તરલ મહાસાગર જેવી સ્થિતિ જોવા મળે છે તે મીથેન કે ઈથેન છે કે પછી બરફ જેવા કોઇ કઠણ પદાર્થ છે એવું પણ અનુમાન લગાવવામાં આવતું હતું.

વર્ષ ૨૦૦૫માં ટાઇટનની સપાટી પર હ્યુજન્સ ડિઝાઈન કરવામાં આવ્યું હતું. જે મીથેન કે ઈથેનના મહાસાગરમાં તરી શકે તેમ હતું. ટાઇટનનું વાયુમંડળ જોતા તે સપાટી પર ઉતરી શકશે કે કેમ તેની શંકા હતી પરંતુ ડ્રેગનફલાય મિશન ટાઇટનની સપાટીની અવશ્ય ચકાસણી કરશે. ડ્રેગનફલાય ટાઇટનના કોઇ એક સ્થળે એક દિવસ સુધી રહેશે. ટાઇટનનો એક દિવસ પૃથ્વીના ૧૬ દિવસ બરાબર થાય છે. આ દરમિયાન ટાઇટનની સપાટી પર સંશોધન કરશે.ત્યાર પછી તે ઉડીને નવા સ્થળે પહોંચશે. મંગળગ્રહ પર મોકલવામાં આવેલા રોવર પણ આ રીતે જ કામ કરી રહયા છે.ટાઇટનનું ગુરુત્વાકર્ષણ બળ પૃથ્વીના સાતમા ભાગનું છે પરંતુ વિશાળ વાયુમંડળ ચાર ગણું ઘટ્ટ છે. ટાઇટન પરનું શાંત વાયુમંડળ અને પૃથ્વી કરતા પાતળી હવા ડ્રગનફલાય મિશન માટે અનુકુળ આવે તેમ છે.



### માસુમ બાળકોના માનસિક આરોગ્ય પર માઠી અસર થાય છે

**માતાપિતા વચ્ચે છુટાછેડાની અસર બાળક પર કેટલી થાય છે તે તેની વય પર આધારિત રહે છે આવી સ્થિતીમાં અલગ થઇ રહેલા માતાપિતાને સૌથી પહેલા આ બાબત પણ ડીલ કરવી જોઇએ કે પોતાના બાળકને તેઓ અલગ થઇ રહ્યા છે તે બાબત કઇ રીતે કહે**

# છુટાછેડાથી બે પરિવાર જુદા થાય છે

**કપલની પાસે જો બાળક પણ તલાકના સમય હોય છે તો સ્થિતી વધારે ભાવનાત્મક પિડા આપનાર બની જાય છે : બાળકોને પ્રાથમિકતા જરૂરી**



અંતરિક્ષની ઘણી ગતિવિધિઓ આપણને ચોંકાવી દેતી હોય છે. કેટલીક વિજ્ઞાનના નિયમો માટે પડકારજનક પણ લાગે છે. આવી જ એક રહસ્યમયી પ્રવૃતિને નાસાના વૈજ્ઞાનિકોએ શોધી કાઢી છે. નાસાએ એક બ્લેક હૉલ નિહાળ્યો છે. જે ખૂબ જ ગરમ પદાર્શોને પ્રકાશથી પણ વધુ ગતિએ ઉત્સર્જિત કરે છે. નાસાની ચંદ્ર ઓબ્જર્વેટરીમાં અલૌકિક ઘટનાનું અવલોકન થયું છે. વૈજ્ઞાનનિકોએ નોંધ્યુછે કે આ બ્લેકહોલ પદાર્થોને પ્રકાશ કરતાં પણ ૮૦ ગણો વધુ ઝડપે ફેંકે છે. કઈ પણ બ્લેકહોલમાં આ પ્રકારની પ્રવૃતિની અગાઉ ક્યારેય નોંધ લેવાઈ નથી. એવું અનુમાન છે કે આ બ્લેકહોલનો ભાર આપણા સૂર્ય કરતા ૮૦ ગણો વધારે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ બ્લેક હોલજે પૃથ્વીથી ઓછામાં ઓછા ૧૦ હજાર પ્રકાશ વર્ષ દૂર છે તે આપણી આકાશગંગામાં સ્થિત છે. ખગોળશાસ્ત્રીઓએ સ્છ્ઠૈં ૧૮૨૦ ૦૭૦ તારા નજીક બ્લેક હોલનું અવલોકન કર્યું છે. આ બ્લેકહોલ આ તારા સાથે જેટ જેવી સામગ્રી ફેંકી રહ્યું છે.

ખગોળશાસ્ત્રીઓનું અવલોકન છે કે આ બ્લેક હોલનું અવલોકન અગાઉના અભ્યાસ પર આધારિત છે. આ જેટ બ્લેક હોલ પૃથ્વીથી દૂર ઉત્તર અને દક્ષિણ દિશામાં જઈ રહ્યા છે અને તેની ગતિ પ્રકાશની ગતિથી ૬૦થી ૧૬૦ ટકા જેટલી છે.

સંશોધનકારોના મતે આ ખાસ પ્રકારની ઘટના છે જેમાં બ્લેકહોમાંથી સામગ્રી બહાર ફેકાઈ રહી છે. બ્લેક હોલમાંથી સામગ્રીનું બહાર નીકળવું એ સુપરલ્યુમિનલ ગતિનું ઉદાહરણ છે. આ ઘટના ત્યારે બને છે જ્યારે પ્રકાશની ગતિએ પૃથ્વી તરફ કોઈ વસ્તુ આવે છે નાસાના મતે, આ ભ્રમણા તરફ દોરી જાય છે કે તે પ્રકાશ કરતાં ઝડપથી આવી રહ્યું છે.

આપણને પ્રશ્ન થાય કે આ બ્લેક હોલ શું છે? ઘણો અટપટો પ્રશ્ન છે. એટલે બ્લેકહોલ વિશે પહેલા થોડુ સમજવું જરૂરી છે.

જ્યારે કોઈ તારો તેનું કરોડો વર્ષનું આયુષ્ય પૂરું કરે છે ત્યારે તેનામાં હાઈડ્રોજન પૂરો થઈ જાય છે. ત્યારબાદ તારો ઠંડો થવા લાગે છે તે દરમિયાન તારામાં સુપરનોવા ક્રિયા થવા લાગે છે. સુપરનોવા ક્રિયામાં એક પ્રકારનો તીવ્ર વિસ્ફોટ થાય છે, જેમાં તારો ખૂબ જ તીવ્ર પ્રકાશથી સળગે છે અને પછી વેરાઈ જાય છે. એ તારાના પદાર્થ તીવ્ર પ્રકાશ સાથે અંતરીક્ષમાં ફેલાઈ જાય છે. તારાના બચેલા અવશેષોની આજુબાજુ શક્તિશાળી ગુરુત્વાકર્ષણ બળ લાગે છે, જે આજુબાજુના પદાર્થને પોતાની તરફ ખેચે છે. એટલે કે બધા જ પદાર્થો એકઠા થઈ એક કેન્દ્ર તરફ સંકોચાઈ જાય છે. જેને બ્લેક હોલ કહે છે.

વૈજ્ઞાનિકો એ ધરતીથી સૌથી દૂર આવેલા બ્લેક હૉલ ની શોધ કરી દીધી છે. આ ૧૩ અબજ પ્રકાશવર્ષ દૂર છે. એરિઝોના યૂનિવર્સિટીના એક્સપર્ટ્સના જણાવ્યા પ્રમાણે આ મહાવિશાળ બ્લેક હૉલ ત્યારે પેદા થયો હતો જ્યારે બ્રહ્માંડ ફક્ત ૬૭ કરોડ વર્ષ જૂનો હતો. આ એક ક્વાઝર(Quasar) છે. SBHનું સૌથી શક્તિશાળી ગુરુત્વાકર્ષણ આસપાસના મટેરિયલને પોતાની તરફ ખેંચી લે છે, જેનાથી તેની આસપાસ અત્યંત ગરમ મટેરિયલની એક ડિસ્ક પેદા થઈ જાય છે. આનાથી મોટી માત્રામાં ઊર્જાનું ઉત્સર્જન થાય છે અને ક્વાઝર પેદા થાય છે.

તેની ચમક આપણી આકાશગંગા કરતા હજારો ઘણી વધારે ત્ન૦૩૧૩-૧૮૦૬ નામના બ્લેકહૉલનો સમૂહ આપણા સૂર્યથી ૧.૬ અબજ ઘણું વધારે છે અને આની ચમક આપણી આકાશગંગા (Galaxy) કરતા હજારો ઘણી વધારે છે.

બિગ બેંગ (Big Bang) બાદ આ ઝડપથી વધ્યું છે. અત્યાર સુધી માનવામાં આવી રહ્યું છે કે જીમ્ઉૅં તારાઓના કલસ્ટર ના મર્યા બાદ પેદા થાય છે. જો કે આ બ્લેક હૉલની શોધ અને આકારની સાથે હવે એસ્ટ્રોનોમર્સ (Astronomers) નું કહેવું છે કે બની શકે કે એકદમ શરૂઆતની ઠંડી હાઈડ્રોજન ગેસ (Hydrogen) ના પડવાથી આ બન્યા હોય.

# જીવનનાં થડમાં જેટલો વધારે પરસેવાને બૂંદ પડશે તો મન ખુશીનાં હરિયાળીથી ભરેલું રહેશે



**મન ઉપવન**

મુકેશ આંજણા

જીવન એ કુમળો છોડ છે. કુમળા કોમળતા જાણવી જોઈએ. હૃદયમાં કોમળતાની ગેરહાજરી હોય ત્યારે જીવન રસ સુકાઈ જાય છે. પછી જીવન ખાલી-ખાલી લાગે છે. જીવન સાવ નિરસ બની જાય ત્યારે જીવનનો છોડ ઉગી શકતો નથી. જીવન માણો એ પહેલા જ જીવન વેલ કરમાઈ જાય છે. જીવન નામના છોડનો જાતે ઉછેર કરવાનો છે. જીવનનાં થડમાં જેટલો વધારે પરસેવાને બૂંદ પડશે તો મન ખુશીનાં હરિયાળીથી ભરેલું રહેશે. માણસ હર્ષ-ઉલ્લાસ, ખુશી અને આત્મશાંતિની ખોજમાં આખું જીવન વેડફી નાખે છે છતાં સફળ થઈ શકતો નથી. ચહેરા પર એક પ્રકારનો જાણે સાવ કંટાળો હોય એવું લાગી આવે છે. જાણે માણસ હારી-થાકી ગયો એવું દેખાઈ આવે છે. મનમાં જીવન વિરૂદ્ધ એક પ્રકારની ચીસ સાંભળવા માટે છે. જીવવા માટે શ્રદ્ધાવાન બનવાની જરૂર છે. માણસ શ્રદ્ધા ગુમાવે છે ત્યારે જીવનમાંથી બધુ ગુમાવી દે છે. જીવનરૂપી છોડને લીલોછમ રાખવો હોય તો હૃદયમાં શ્રદ્ધાનો દીપક કાયમી રાખો. ભયથી વિચલિત થવાની જરૂર નથી. ભય એ અંદરથી ખોખલા બનાવી નાખે છે. બસ, એટલા માટે જીવનને શ્રદ્ધાનાં કિરણોથી તેજસ્વિતા તરફ લઈ જવાની જવાબદારી માણસની છે. ૧૮૮૦માં દોસ્તોયેવસ્કીની મૂળ રુસી ભાષામાં 'ધ બ્રધર્સ કારામોઝોવ' નામની વિશ્વ પ્રસિદ્ધ નવલકથા આવી. દોસ્તો યેવસ્કીએ પોતાની નવલકથામાં એક પાત્ર ઈશ્વરને કહે છે, 'લો, મારી આ ટિકિટ, પાછી લઈ લો, હું જીવવા માગતો નથી. જિંદગી વ્યર્થ છે. ન તો હું અનુગ્રહિત છું, ન અનુગ્રહનું કોઈ કારણ દેખું છું. બસ જિંદગીથી બહાર થઈ જવા દો. માણસ જિંદગીથી ક્યારેક લાચાર બની જાય છે. જીવને જે માણસે આત્મસાત કર્યું છે. તેઓ મુક્તરીતે જીવવા માંગે છે. તેઓ જીવનને માયૂસીનાં દરિયામાં નાખવા માંગતા નથી. જીવન ક્યારેક દુઃખનાં કારખાનામાં પડી જાય તે કોઈને ખબર રહેતી નથી. વૃક્ષનાં થડને ઊંધઈ ખાઈ જાય પછી બધી ડાળ સુકાઈ જાય છે. હૃદય આનંદથી ભરેલું છે. હૃદય વિરૂદ્ધ કોઈ કામ થાય ત્યારે ઘણી બધી તકલીફોની શરૂઆત થાય છે. તકલીફમાં પડીએ તે પહેલા સાંભળી ચાલવું જરૂરી છે. મતલબ કે હૃદયમાં સમગ્ર દુનિયા આવી જાય છે. જીવનના ઘણા બધા નિરાશ માણસોને કેદરનાથનું પુસ્તક 'વિવેક અને સાધન' વાંચવું જોઈએ. જીવન ફિલોસૂફી સમજાવતાં આ પુસ્તકમાં કેદરનાથે લખ્યું છે, 'અંતરની ઉત્કંટ ઈચ્છા આપણને આ માર્ગમાં હંમેશા સહાય કરતી રહેશે. એ ઈચ્છા અને સંકલ્પ આપણે કદી ઈશ્વરનિષ્ઠા કે સંકલ્પને મંદ થવા દેવાં ન જોઈએ'. આપણે આપણા નિર્માણકાર થવું જોઈએ. જીવનને આકાર જાતે આપવાનો છે, જીવનદીપ પ્રગટાવાંનો છે. જીવનની આબોહવા બદલવા માટે સેવેલા સપનાં પાછળ જાતે ખોજ કરવી પડે છે. જીવન માટે પ્રેમ જેવી પવિત્ર ચીજને પ્રથમ સ્થાન આપવું જોઈએ. પ્રેમ જીવનમાં હશે ત્યારે આપોઆપ હૃદયમાં ખુશીનો છેડ આકાર પામશે. કોઈ ફિલોસોફરે પ્રેમનો મહિમા સમજાવતાં કહેલું કે પ્રેમ સૌથી મોટી કલા છે. તેનાથી મોટું કોઈ જ્ઞાન નથી. બધા જ્ઞાન પ્રેમથી નાના છે. બધા જ્ઞાન બહારથી જાણી શકાય છે. માત્ર પ્રેમ જ્ઞાન જ હૃદયથી જાણી શકાય છે. પરમાત્મા ક્યાં નથી પરંતુ એ તો પ્રેમનાં કેન્દ્રમાં છે. માણસ એકલો રહી શકતો નથી. જીવનને કોઈના સંગાથની જરૂર પડે છે. જ્યારે પ્રેમના સ્પર્શનાં સંગાથ મળી જાય ત્યારે જીવન ખુશીનાં ગીતથી ઝૂમી ઉઠે છે. પ્રેમ થકી આંખમાંથી નીકળતું એક આંસુ પણ અમૂલ્ય કિંમતી હોય છે. જીવનમાં પ્રેમ પ્રગતિરૂપી સેતુ બને ત્યારે માણસ ધારેલા લક્ષ સુધી પહોંચવા માટે મદદગાર સાબિત થાય છે. હૃદયની ભાવના કોઈ સમજવાવાળું મળે ત્યારે માણસ સૌથી વધારે ખુશ હોય છે. એટલા માટે એકબીજાના આત્મામાં વસી જાઓ. બે આત્મા પ્રેમથી રંગાઈ જશે ત્યારે જીવનની ઘણી બધી સમસ્યાનો ઉકેલ મળી જશે. બસ વાત એટલી પ્રેમ પણ જીવનને આકાર આપવામાં સૌથી વધારે યોગ્યદાન રહે છે. ફિલોસોફર નીત્શે માણસ પોતાની જાતને ઓળખવાની વાત ખૂબ જ સચોટ રીતે કહી છે, 'હવે સમય આવી ગયો છે કે માણસ પોતાની મંઝિલ ઓળખી લે. અને પોતાની ઉંચી આશા, ઉંચું ધ્યેયનાં બીજ રોપે, ઉંચું ધ્યેય રાખીને સફળતા ન મળે તેટલા સુધી મથતા રહેવાનું છે. જીવનની દિશા ઓળખી છે. જીવનની દિશા ઓળખી લેવાશે ત્યારે ઉદાસીનતા હતાશા જેવા ગુણો નાશ થઈ જશે. બસ, ત્યારે માત્ર બાકી રહેશે ધ્યેય, ધારેલું લક્ષ અને જીવનની સફળતા. માણસ પોતાનું જીવન જાણી લે. પોતાનું કાર્યક્ષેત્ર જાણી લે અને પોતાનું લક્ષ જાણી લે ત્યારે ઘણી બધી અટકળોમાંથી મુક્ત થઈ જાય છે. એડવાન્સમાં સુખ માંગવાની માણસની દાનત છે. તેમાંથી બહાર આવીને યોગ્ય મુકામ પર પહોંચવા માટે પોતાની જાત પર વિશ્વાસ પેદા કરવો પડશે. ઉંચા ધ્યેય રાખવાથી ઘણા બધા ફાયદા તથા હોય છે. જીવનનું સ્તર ઘણી રીતે ઉંચું જાય છે. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ શાળા જીવનમાં અભ્યાસ કરતા ત્યારે એક કવિતા ભણેલી તે પોતાના પુસ્તક ઉૈહખ્તજર્ક હ્વૈટ્ટી લખી છે. એ કવિતાનો સાર માત્ર આટલો જ છે. 'હે માણસ નબળી ઈચ્છાશક્તિ રાખીશ નહીં. ચિંતા કરવાની કોઈ જરૂર નથી. બળાપો કાઢીશ નહીં. જીવનમાં ઘણી બધી તકો આવતી રહે છે. ઉત્તમ કામની શરૂઆત હજી થઈ નથી અને શ્રેષ્ઠ કાર્ય હજી પુરું થયું નથી.' અંગ્રેજી કવિતા એટલું કહેવા માંગે છે. બધી હાય-લાય છોડી દે અને તારા જીવનનું કામ કર. નબળી શક્તિને પરસ્ત કરી નાખ અને દુનિયામાં ઢગલાબંધ સારા કામ કરી શકાય તેવા પડ્યા છે. માણસને માત્ર જાગ્રત થવાની જરૂર છે. કોઈ પણ કાર્ય હોય પણ જેટલું આત્મવિશ્વાસથી કામ કરશો તેમાંથી જીવનની કળા શીખવા મળશે. જીવન કળા વર્ગખંડમાં ભણવા મળતી નથી. જીવનની કળા વાસ્તવિકતામાંથી શીખવા મળે છે. આમ વિચારીએ તો જીવન ઘણું ટૂંકું છે. મુશ્કેલી તો જીવનમાં આવતી રહે છે. ઘણી વખત આવતી મુશ્કેલી જીવન માટે રાહબર બની જતી હોય છે. મુશ્કેલીનો સામનો કરે છે તે માણસ બધું સહન કરી શકે છે. મુશ્કેલી અને જીવન સંઘર્ષમાંથી જીવનનું સર્જન કરી શકાય છે. નિષ્ફળતા મળે તો જીવનમાં થોડો વિસામો લેવો જરૂરી છે. વિસામો લેવો એટલે નિરાંતે બેસવું. નિરાંતે બેસવાથી જીવનની ઘણી બધી સમસ્યા હલ થતી હોય છે. જીવનનું અસલીરૂપ દુઃખ, પીડામાં સમાયેલું છે. કેમ કે દુઃખ, પીડા સહન કરનારો માણસ સુખનો એક ઘૂંટ પીવા મળે તો પણ તે અમૃત કરતા ઘણો મીઠો લાગે છે. ખૈર, કહેવાનો અર્થ એ છે જીવનમાં અજવાળું પાથરવું હોય તો જીવનની વાસ્તવિકતાને ઓળખો. મુશ્કેલી આવે તો પીછેહટ ન કરો. તેનો માત્ર સામનો કરો. મુશ્કેલીનાં મૂળમાં સુખનું સરનામું છે. લિંકને એક વખત કાયદાશાસ્ત્રનાં વિદ્યાર્થીને સલાહ આપતા કહેલું કે જો તે તારા ખરા મનથી નક્કી કરી લીધું છે કે તારે માત્ર કાયદાશાસ્ત્રનો જ અભ્યાસ કરવો છે તો એ વાત સમજી લેજે કે તારું અડધું કાર્ય તો થઈ ગયું છે. મનમાં એક વાત સમજી લેવી કે દ્દઢ સંકલ્પ બળ જ તમને તમારા ધારેલા કાર્યમાં સફળતા આપવામાં સહાયરૂપ બનશે. જીવન વિશે સમજણની પાળ બંધાય તો નવો માર્ગ મળતો હોય છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# માઉન્ટ આબુમાં પારો પાંચ ડિગ્રીએ પહોંચ્યો

। જયપુર, તા.૨૪ ।

આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં હવામાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. હવે માત્ર રાત્રે જ નહીં પરંતુ દિવસના સમયે પણ ઠંડીની અસર વધવા લાગી છે. ગંગાનગર, હનુમાનગઢ, સીકર, ચુરુ અને ઝુનઝુનુમાં હળવાથી મધ્યમ ધુમ્મસની સંભાવના છે. વાહનચાલકોને ખાસ તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે. તે જ સમયે, માઉન્ટ આબુ રાજ્યનો સૌથી ઠંડો વિસ્તાર છે.આજે રાજસ્થાનમાંથી પસાર થતા મોટાભાગના રાષ્ટ્રીય રાજ્ય માર્ગો પર ધુમ્મસની અસર જોવા મળી છે. જયપુર હવામાન કેન્દ્રના જણાવ્યા અનુસાર, દ્રઉઁ-૧૧ પર જયપુર-ભરતપુર, જયપુર-સીકર અને સીકર-બીકાનેરમાં ધુમ્મસની ચેતવણી છે.એનએચ-૮ પર જયપુર-અલવર રૂટ પર ધુમ્મસનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે.એનએચ-૧૫ પર બિકાનેર-હનુમાનગઢ રૂટ અને એનએચ-૬૫ પર નાગૌર-ચુરુ રૂટ પર ધુમ્મસની ચેતવણી જારી કરવામાં આવી છે.હિલ સ્ટેશન માઉન્ટ આબુ રાજ્યનો સૌથી ઠંડો વિસ્તાર છે. અહીં લઘુત્તમ તાપમાન ૫ ડિગ્રી સેલ્સિયસ છે. તે જ સમયે, સિરોહીમાં લઘુત્તમ તાપમાન ૧૦.૬ ડિગ્રી, ફતેહપુરમાં ૮.૪, સીકરમાં ૧૧.૮, જાલોરમાં ૮.૭, ભીલવાડામાં ૯.૪, ચિત્તોડગઢમાં ૯.૬ અને ચુરુમાં ૧૦.૨ ડિગ્રી હતું. ફલોદી હજુ પણ રાજસ્થાનનો સૌથી ગરમ વિસ્તાર છે.

### લોકોએ રસ્તાની બાજુમાં પાર્ક કરેલી મોટરસાઈકલને આગ લગાડવાનો પણ પ્રયાસ કર્યો

# સંભલમાં પથ્થરમારો, ૧૦ની અટકાયત, ૨ના મોત, સપા, બસપાનો સરકાર ઉપર આરોપ

## તોફાની તત્વોએ પથ્થરમારો શરૂ કર્યો હતો, ત્યારબાદ પોલીસે ટોળાને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને હળવા બળનો ઉપયોગ કર્યો હતો

। નવીદિલ્હી,તા.૨૪ ।

સંભાલની જામા મસ્જિદમાં કોર્ટના આદેશ પર રવિવારે બીજી વખત સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી હતી, પરંતુ તે દરમિયાન તોફાની તત્વોએ પથ્થરમારો શરૂ કર્યો હતો, ત્યારબાદ પોલીસે ટોળાને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને હળવા બળનો ઉપયોગ કર્યો હતો. અધિકારીઓએ આ માહિતી આપી હતી. એક અધિકારીએ જણાવ્યું કે ૧૦ લોકોની અટકાયત કરવામાં આવી છે અને હિંસાની તપાસ શરૂ કરવામાં આવી છે. તેણે જણાવ્યું કે કેટલાક લોકોએ રસ્તાની બાજુમાં પાર્ક કરેલી મોટરસાઈકલને આગ લગાડવાનો પણ પ્રયાસ કર્યો હતો. સ્થાનિક કોર્ટના આદેશ પર ગત મંગળવારે જામા મસ્જિદનો સર્વે કરવામાં આવ્યો



હતો, ત્યારબાદ છેલ્લા કેટલાક દિવસોથી સંભલમાં તણાવ છે. વાસ્તવમાં, સ્થાનિક કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે પહેલા જે જગ્યાએ જામા મસ્જિદ સ્થિત છે ત્યાં હરિહર મંદિર હતું. સ્થાનિક વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, કોર્ટના આદેશ હેઠળ, 'એડવોકેટ કમિશનર' એ સવારે ૭ વાગ્યાની આસપાસ વિવાદિત સ્થળ પર બીજી વખત સર્વેનું કામ શરૂ કર્યું અને આ દરમિયાન સ્થળ પર ભીડ એકઠી થવા લાગી. પોલીસ અધિક્ષક કૃષ્ણ કુમાર વિશ્નોઈએ કહ્યું, 'ઘટના સ્થળ પાસે એકઠા થયેલા ભીડમાંથી કેટલાક બદમાશો બહાર આવ્યા અને પોલીસ ટીમ પર પથ્થરમારો કર્યો. પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા હળવો બળપ્રયોગ કર્યો અને ટીયર ગેસના સેલ છોડ્યા. પોલીસ અધિક્ષકે કહ્યું કે ડ્રોન અને સીસીટીવી ફૂટેજ દ્વારા લોકોની ઓળખ કરવામાં આવશે. તેમણે કહ્યું કે પથ્થરમારામાં ઘણા પોલીસકર્મીઓ ઘાયલ થયા છે, જેમાંથી એક કે બે પોલીસકર્મીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે પથ્થરમારો કરનારા અને તેમને ઉશ્કેરનારા લોકોની ઓળખ કરવામાં આવશે અને તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેન્દ્ર પેસિયાએ કહ્યું, 'અમે પથ્થરબાજીની ઘટનાના સંબંધમાં લગભગ ૧૦ લોકોની અટકાયત કરી છે. તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. પેસિયાએ પત્રકારોને કહ્યું કે બદમાશો વિખેરાઈ ગયા છે અને હવે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.સંભલમાં પથ્થરમારો અને આગચંપી અંગે રાજ્યના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) પ્રશાંત કુમારે કહ્યું, 'સંભાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે.

## મહારાષ્ટ્ર ચૂંટણીમાં પત્નીએ પતિને હરાવ્યા, પિતાએ પુત્રીને હરાવ્યા, ભાઈએ બહેનને હરાવ્યા

। મુંબઈ, તા.૨૪ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં શરદ પવાર પરિવાર સહિત અનેક રાજકીય પરિવારોના સભ્યો એકબીજાની વિરુદ્ધ હતા. કેટલાક ચૂંટણી જીત્યા અને કેટલાક પોતાના જ લોકો દ્વારા હાર્યા. શરદ પવારના ભત્રીજા અજિત પવાર બારામતીથી તેમના ભત્રીજા સામે ચૂંટણી લડી રહ્યા હતા. તેણે ફરી એકવાર બારામતીમાં મોટી જીત નોંધાવી. અજિત પવારે તેમના મોટા ભાઈના પુત્ર યુગેન્દ્ર પવારને એક લાખથી વધુ મતોથી હરાવ્યા અને આઠમી વખત જીત્યા. તે જ સમયે, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભાજપના નેતા રાવસાહેબ દાનવેની પુત્રી સંજના જાધવ મરાઠવાડા ક્ષેત્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લાની કન્નડ વિધાનસભા બેઠક પરથી તેના પૂર્વ પતિ સામે ચૂંટણી લડી રહી હતી. સંજનાને તેના છૂટા પડી ગયેલા પતિ હર્ષવર્ધન જાધવ તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડ્યો. જો કે અંતે જીત સંજના જાધવને મળી હતી. સંજનાને ૮૪,૪૯૨ મત મળ્યા અને હર્ષવર્ધનને ૧૮,૨૦૧ મતોના માર્જિનથી હરાવ્યા.

## ફિરોઝ - ઇન્દિરા ગાંધી પરિવારના તમામ સંતાન-પુત્રવધૂ સાંસદ બન્યા

। નવીદિલ્હી, તા.૨૪ ।

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ વાયનાડ સંસદીય સીટ પર યોજાયેલી પેટાચૂંટણીમાં શાનદાર જીત નોંધાવીને પોતાના ચૂંટણી રાજકારણની શરૂઆત કરી છે. તેમણે સીપીઆઈના સત્યન મોકેરીને ૪ લાખ, ૧૦ હજારથી વધુ મતોથી હરાવ્યા હતા. પ્રિયંકા ગાંધીની રાજકીય કારકિર્દીની આ પ્રથમ ચૂંટણી હતી.રાહુલ ગાંધીએ ૨૦૧૯માં વાયનાડ બેઠક પર ૪,૩૧,૭૭૦ મતોથી અને ૨૦૨૪માં ૩,૬૪,૪૨૨ મતોના માર્જિનથી જીત મેળવી હતી. તેમણે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં વાયનાડ અને રાયબરેલી બંને બેઠકો જીતી હતી. રાહુલ ગાંધીએ આ વર્ષની શરૂઆતમાં વાયનાડ બેઠક ખાલી કરી હતી કારણ કે તેમણે રાયબરેલીથી સાંસદ રહેવાનો નિર્ણય કર્યો હતો. પ્રિયંકા ગાંધી વાડ્રા ચૂંટણીના રાજકારણમાં પ્રવેશનાર નેહરુ-ગાંધી પરિવારના ૧૦મા સભ્ય છે.પ્રિયંકા પહેલા જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, ફિરોઝ ગાંધી, સંજય ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, મેનકા ગાંધી, વરુણ ગાંધી અને રાહુલ ગાંધી ગાંધી પરિવારમાંથી રાજકારણમાં આવ્યા છે. પ્રિયંકા ગાંધી હવે પોતાના રાજકારણની શરૂઆત દેશના દક્ષિણ ભાગથી કરશે.

### મહારાષ્ટ્ર ચૂનાવ પરિણામઃ મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બનશે

# કોંગ્રેસના મહારાષ્ટ્ર એકમના અધ્યક્ષ નાના પટોલે સાકોલીથી આશરે ૨૦૮ મતોથી જીત્યા

## મુફ્તી મોહમ્મદ ઈસ્માઈલ અબ્દુલ ખાલિકે 'ભારતીય સેક્યુલર એસેમ્બલી ઓફ મહારાષ્ટ્ર'ના ઉમેદવાર આસિફ શેખ રશીદને ૧૬૨ મતોથી હરાવ્યા

। મુંબઇ,તા.૨૪ ।

મહારાષ્ટ્ર ચૂનાવ પરિણામઃ મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બનશે. આદેશ આવી ગયો છે. કોઈ વ્યક્તિ પરિણામોથી ખુશ છે. કોઈ આંસુ વહાવી રહ્યું છે. કેટલાક ચૂંટણી પરિણામોને અણધાર્યા અને ચોંકાવનારા માની રહ્યા છે. કેટલાક ઉમેદવારો એવા છે કે જેઓ ચૂંટણી પરીક્ષામાં પાસ અને નાપાસ થયા છે જેઓ તેમની જીત અથવા હારના નાના માર્જિનથી ડરતા હોય છે. અહીં અમે તે બેઠકો વિશે વાત કરી રહ્યા છીએ જ્યાં જો કોઈ એક વોર્ડમાં કોઈપણ ઉમેદવારની તરફેણમાં એકતરફી મતદાન થયું હોત, તો એક રાઉન્ડ છોડી દો, પરિણામ ઉલટું આવ્યું હોત.મહારાષ્ટ્રમાં ૧૪૮ બેઠકો પર ચૂંટણી લડનાર ભાજપે ૧૩૨ બેઠકો જીતીને ઈતિહાસ રચ્યો છે. એકનાથ શિંદેની શિવસેના ૮૦ પર લડી હતી



અને ૫૭ જીતી હતી. જ્યારે અજિત પવારની એનસીપીએ ૪૧ બેઠકો જીતીને તેના રાજકીય વિરોધીઓનો સફાયો કર્યો હતો. શિંદે અને અજિત પવાર બંનેએ સ્પષ્ટ કર્યું કે તેઓ શિવસેના અને એનસીપીના વાસ્તવિક વારસદાર છે.

તેવી જ રીતે, જો આપણે એમવીએ વિશે વાત કરીએ તો, મહાવિકાસ આઘાડીમાં, કોંગ્રેસે સૌથી વધુ ૧૦૨ બેઠકો પર ચૂંટણી લડી હતી પરંતુ માત્ર ૧૬ બેઠકોથી જ સંતોષ માનવો પડ્યો હતો. તેમાં કેટલીક એવી બાબતો હતી કે જો માર્જિન થોડું ઓછું હોત તો પ્રદેશ પ્રમુખ નાના પટોલે તેમની સાકોલી બેઠક (સાકોલી વિધાનસભા ચૂંટણી પરિણામ) હારી ગયા હોત. તેવી જ રીતે, ઉદ્ધવ સેના અને તુતારી વાલી એનસીપી એસપી), એઆઈએમઆઈએમ અને અન્ય પક્ષોના કેટલાક વિજયી ધારાસભ્યો પણ ચૂંટણી હારી ગયા હોત.

### સતત ત્રીજી ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટીને વોટ માટે તલપાપડ રહેવું પડ્યું

# યુપી પેટાચૂંટણીમાં બસપા વોટ માટે ઝંખતી રહી, ચાર બેઠકો પર ડિપોઝીટ પણ બચાવી શકી નહીં

## ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીની સરખામણીએ આ વખતે બસપાની ૬૦ ટકાથી વધુ વોટ બેંક અન્ય પાર્ટીઓમાં શિફ્ટ થઈ

। લખનૌ,તા.૨૪ ।

ઉત્તર પ્રદેશમાં સતત ત્રીજી ચૂંટણીમાં બહુજન સમાજ પાર્ટીને વોટ માટે તલપાપડ રહેવું પડ્યું હતું. પરિણામોથી સ્પષ્ટ થાય છે કે ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીની સરખામણીએ આ વખતે બસપાની ૬૦ ટકાથી વધુ વોટ બેંક અન્ય પાર્ટીઓમાં શિફ્ટ થઈ છે. જ્યારે દલિત વોટ બેંકે બસપાને ફગાવી દીધી ત્યારે પાર્ટી મુસ્લિમ મતદારોનો વિશ્વાસ પણ જીતી શકી નથી. પેટાચૂંટણી લડવાનું બીએસપીનું બીજું પગલું પણ તેને નવી દિશા બતાવી શક્યું નથી. અગાઉ લોકસભા ચૂંટણી દરમિયાન ૫ બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં બસપાને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. હાલ બસપાનું પ્રદર્શન તેના અસ્તિત્વ માટે મોટો ખતરો દર્શાવી રહ્યું છે.ચૂંટણી પરિણામો પર નજર કરીએ તો કરહાલ, કુંડારકી, મીરાપુર અને સિસમાઉમાં બસપાની હાર થઈ છે. ચારેય બેઠકો પર બસપાનો મત પાંચ પોઈન્ટની મર્યાદા સુધી પણ પહોંચી શક્યો ન હતો, જે ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત કરવાનું કારણ બન્યું હતું. મીરાપુર અને કુંડાર્કીમાં મતદારોએ બસપા કરતાં આઝાદ સમાજ પાર્ટી (કાંશીરામ) અને ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તિહાદુલ મુસલમીનને પ્રાધાન્ય આપ્યું છે.બસપાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કથેરી સીટ પર હતું, જ્યાં પાર્ટીના ઉમેદવાર અમિત વર્માને ૪૧,૬૪૭ મત મળ્યા હતા. મઝવાનના ઉમેદવાર દીપક તિવારી ઉર્ફે દીપુ તિવારીને ૩૪,૯૨૭ અને ફુલપુરના ઉમેદવાર જિતેન્દ્ર કુમાર સિંહને ૨૦,૩૪૨ મત મળ્યા.

## ન્યૂઝ બ્રિફ



### મહારાષ્ટ્રમાં પરાજય બાદ સંજય રાઉતના પૂર્વ સીજેઆઇ ચંદ્રચૂડ પર ગંભીર આક્ષેપ

। મુંબઇ, તા.૨૪ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે. મહાયુતિ ગઠબંધનને મોટી જીત મળી છે જ્યારે મહાવિકાસ અઘાડીને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. આ પરિણામને લઈને હવે ઉદ્ધવ જૂથની શિવસેનાના નેતા સંજય રાઉતનું નિવેદન સામે આવ્યું છે. સંજય રાઉતે મહાવિકાસ અઘાડીની હાર માટે પૂર્વ મુખ્ય ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા ડી. વાય. ચંદ્રચુડને જવાબદાર ગણાવ્યા છે. સંજય રાઉતે મીડિયા સાથે વાતચીત દરમિયાન કહ્યું, 'મહારાષ્ટ્રના જે પરિણામ સામે આવ્યા તે ખૂબ જ ચોંકાવનારા છે. કોઈની લહેર નહોતી, કોઈને આવા પરિણામની આશા નહોતી. મહારાષ્ટ્ર નરેન્દ્ર મોદી અને અમિત શાહને મત શા માટે આપે? મહારાષ્ટ્રમાં આખોય ચૂંટણી પ્રચાર નરેન્દ્ર મોદી અને અમિત શાહની વિરોધમાં ચાલ્યો. કારણકે, તેઓએ મહારાષ્ટ્રના ઉદ્યોગને ગુજરાતમાં શિફ્ટ કરી દીધાં.

### પેટાચૂંટણીમાં રાજદની હાર કોઈ મોટી વાત નથી,૨૦૨૫માં અમે જીતીશું : તેજસ્વી

। પટણા, તા.૨૪ ।

બિહારમાં ચાર વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીમાં વિપક્ષના મહાગઠબંધનની હાર બાદ, રાષ્ટ્રીય જનતા દળના નેતા તેજસ્વી યાદવે દાવો કર્યો હતો કે આ ગઠબંધન રાજ્યમાં આગામી વિધાનસભા ચૂંટણી જીતશે. બિહાર વિધાનસભામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવે પડોશી ઝારખંડમાં તેમની પાર્ટીના અપેક્ષા કરતાં વધુ સારા પ્રદર્શન પર ખુશી વ્યક્ત કરી, જ્યાં ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ) ના નેતૃત્વ હેઠળના ગઠબંધનએ સત્તા જાળવી રાખી છે. ઝારખંડમાં ૨૦૧૯ની ચૂંટણીમાં આરજેડીએ માત્ર ચતરા બેઠક જીતી હતી, પરંતુ આ વખતે તેણે દેવઘર, ગોડ્ડા, બિશ્રામપુર અને હુસૈનાબાદ બેઠકો જીતી હતી.બિહારમાં સત્તારૂઢ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સએ ચારેય વિધાનસભા બેઠકોની પેટાચૂંટણીમાં જીત મેળવી છે. આમાં આરજેડીએ ઈમામગંજ સીટ પર પકડ જાળવી રાખી હતી જ્યારે મહાગઠબંધનમાંથી તારારી, રામગઢ અને બેલાગંજને છીનવી લીધું હતું.

## મહારાષ્ટ્રમાં હાર બાદ કોંગ્રેસની ૧૦ વર્ષમાં ૪૭ વિધાનસભા ચૂંટણીઓ અંકુશ બહાર સરકી ગઈ

। નવીદિલ્હી, તા.૨૪ ।

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પરિણામો આવી ગયા છે. ઝારખંડમાં ઈન્ડિયા બ્લોકની જીત થઈ છે, જ્યારે મહારાષ્ટ્રમાં પ્રદર્શન ખૂબ જ ખરાબ રહ્યું છે. આ સાથે હવે કોંગ્રેસ પર સવાલો ઉઠી રહ્યા છે. ૨૦૧૪ થી ૨૦૨૪ ની વચ્ચે કોંગ્રેસ ૬૨ માંથી ૪૭ વિધાનસભા ચૂંટણી હારી છે.૨૦૧૧માં છેલ્લી વખત કોંગ્રેસ પોતાની સરકારને બચાવીને આસામમાં સત્તામાં પાછી આવી હતી. જ્યારે રાજ્યોમાં સત્તા પર હતી, ત્યારે કોંગ્રેસે ૪૦ વખત વિધાનસભા ચૂંટણીનો સામનો કર્યો હતો.

## મૌલાના સજ્જાદ નોમાનીનો સૂર અચાનક બદલાઈ ગયો : માફી માંગી

। મુંબઇ, તા.૨૪ ।

મહારાષ્ટ્રમાં ભાજપની બમ્પર જીત બાદ ઓલ ઈન્ડિયા એકતા ફોરમના પ્રમુખ અને ઈસ્લામિક ઉપદેશક મૌલવી સજ્જાદ નોમાનીના સૂર બદલાઈ ગયા છે. તેમણે મહારાષ્ટ્રમાં ભાજપને સમર્થન કરતા મુસ્લિમોનો બહિષ્કાર કરવાના તેમના નિવેદન બદલ માફી માંગી છે. સજ્જાદે કહ્યું કે મારું નિવેદન કોઈ સમાજ વિરુદ્ધ નથી કે કોઈ પણ રીતે ફતવો નથી. તેમ છતાં જો કોઈની લાગણી દુભાઈ હોય તો હું મારા શબ્દો પાછા લઈ લઉં છું અને બિનશરતી માફી માંગુ છું. મૌલવી સજ્જાદે વિગતવાર માફી પત્ર લખ્યો છે.સજ્જાદ નોમાનીએ કહ્યું કે ભાજપને સમર્થન કરતા મુસ્લિમોનો બહિષ્કાર કરવાના મારા નિવેદનની અત્યારે ખૂબ ચર્ચા થઈ રહી છે. મારું આ નિવેદન લોકસભા ચૂંટણી પહેલા સપ્ટેમ્બર ૨૦૨૪નું છે. મેં આ નિવેદન ખાસ સંદર્ભમાં ઘણા લોકોના પ્રશ્નોના જવાબમાં આપ્યું હતું. આ એવા લોકો હતા જેમને લોકસભાની ચૂંટણીમાં મત આપવાનો તેમનો મૂળભૂત અધિકાર મેળવવાથી રોકવામાં આવ્યા હતા. મારું આ નિવેદન એવા લોકો માટે હતું જેઓ ભારતના સામાન્ય નાગરિકને તેમના બંધારણીય મતદાનના અધિકારથી રોકી રહ્યા હતા.

### ૧૫ લોકોના મોત; ઘણા ઘાયલ | ઇઝરાયેલની સેના લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર સતત ભારે બોમ્બમારો કરી રહી છે

# ઇઝરાયેલે બેરૂતમાં મિસાઇલો સાથે જોરદાર હુમલો કર્યો

। બેરૂત, તા.૨૪ ।

ઈઝરાયેલની સેના લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર સતત ભારે બોમ્બમારો કરી રહી છે. બેરૂતના મધ્ય વિસ્તારમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા તાજેતરના મિસાઈલ હુમલામાં ૧૫ લોકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે. લેબનીઝ નાગરિક સ્વયંસેવક સંગઠને જણાવ્યું હતું કે હુમલામાં મૃત્યુઆંક વધી શકે છે કારણ કે કટોકટી બચાવ કાર્યકરો હજુ પણ કાટમાળમાં રહેલા લોકોને શોધી રહ્યા છે.

ઈઝરાયેલે એક અઠવાડિયાથી ઓછા સમયમાં લેબનોનની



રાજધાની બેરૂત પર ચોથી વખત હુમલો કર્યો છે. લેબનોન પર હુમલો એવા સમયે થયો છે જ્યારે અમેરિકી રાજદૂત એમોસ હોચસ્ટીન આ અઠવાડિયે ઈઝરાયેલ અને આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ સમજૂતી માટે આ ક્ષેત્રની મુલાકાતે આવ્યા હતા. લેબનોનના આરોગ્ય મંત્રાલયે કહ્યું કે, ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ૩,૫૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે, જ્યારે ૧૫,૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે અને લગભગ ૧.૨ મિલિયન લોકો વિસ્થાપિત થયા છે. તે જ સમયે, ઈઝરાયેલે કહ્યું કે લેબનોન સાથેની લડાઈમાં તેના ૯૦ સૈનિકો અને ઓછામાં ઓછા ૫૦ નાગરિકો માર્યા ગયા છે.

લેબનીઝ આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ૩,૫૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે જ્યારે ૧૫,૦૦૦ થી વધુ ઘાયલ થયા છે. લેબનોનની રાજ્ય સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, બેરૂત પર હુમલો સ્થાનિક સમય અનુસાર સવારે ૪ વાગ્યે થયો હતો, જેમાં આઠ માળની ઈમારત નષ્ટ થઈ ગઈ હતી. ઈઝરાયેલની સેના લેબનોનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર સતત ભારે બોમ્બમારો કરી રહી છે. બેરૂતના મધ્ય વિસ્તારમાં ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા તાજેતરના મિસાઈલ હુમલામાં ૧૫ લોકો માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે.

### સંભાલમાં 'યુદ્ધ' જેવી સ્થિતિ

# જામા મસ્જિદ કે હરિહર મંદિર? વિવાદને કારણે છેલ્લા સાત દિવસથી સ્થિતિ તંગ

**કોર્ટના આદેશ પર મસ્જિદનો સર્વે કરવા ગયેલી ટીમ અને પોલીસ દળ પર સેંકડો લોકોના ટોળાએ પથ્થરમારો કર્યો ત્યારે પરિસ્થિતિ હાથમાંથી નીકળી ગઈ**

। સંભલ,તા.૨૪ ।

સંભલમાં જામા મસ્જિદ કે હરિહર મંદિર? આ વિવાદને કારણે છેલ્લા સાત દિવસથી સ્થિતિ તંગ બની છે. આજે સવારે જ્યારે કોર્ટના આદેશ પર મસ્જિદનો સર્વે કરવા ગયેલી ટીમ અને પોલીસ દળ પર સેંકડો લોકોના ટોળાએ પથ્થરમારો કર્યો ત્યારે પરિસ્થિતિ હાથમાંથી નીકળી ગઈ હતી. મસ્જિદ અને તેની આસપાસ પથ્થરમારામાં કેટલાક લોકો ઘાયલ થયા છે. શાંતિ પુનઃસ્થાપિત કરવાની પોલીસની અપીલની લોકો પર કોઈ અસર થઈ નથી. જે બાદ પોલીસે લાઠીચાર્જ કર્યો અને જીવ બચાવવા ટીયર ગેસનો ઉપયોગ કર્યો.હુમલાખોરો અને તોફાનીઓએ માત્ર પોલીસ પર જ પથ્થરમારો કર્યો ન હતો પરંતુ અનેક વાહનોને પણ સળગાવી દીધા હતા. હજારો મૂર્તિઓ અને પથ્થરો રસ્તા પર ચારે બાજુ પથરાયેલા હતા. આગમાંથી કાળો ધુમાડો નીકળતો હતો. ડીએમએ કહ્યું છે કે તોફાની તત્વો અને પરિસ્થિતિ બગાડનારાઓને બક્ષવામાં આવશે નહીં.સર્વે અને પોલીસની ટીમે પીછેહઠ કરી થોડા સમય બાદ જવાનો પ્રયાસ કરતાં ટોળું ફરી એકવાર ઉગ્ર બની ગયું હતું. હિન્દુ પક્ષે અહીં મંદિર હોવાનો દાવો કર્યો છે. મુસ્લિમ પક્ષનું કહેવું છે કે તેઓ કંઈ જાણતા નથી, માત્ર એટલું જ કે જો તે મસ્જિદ છે તો તે મસ્જિદ છે, તે ક્યારે અને કેવી રીતે બનાવવામાં આવી હતી તેનાથી તેમને કોઈ ફરક પડતો નથી. આ મામલાને લઈને વિસ્તારમાં તણાવ વધુ વધી ગયો હતો. આ પછી લોકોએ આગચંપી કરી હતી. પોલીસે તાત્કાલિક પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.સાવચેતીના પગલા તરીકે, પોલીસ પ્રશાસને મસ્જિદની આસપાસના વિસ્તારને સીલ કરી દીધો છે. ડીએમ અને એસપી સવારથી જ ઘટનાસ્થળે હાજર છે.

### મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સંબોધન કર્યું

# વૃક્ષ માતાના નામે અભિયાનમાં પાંચ મહિનામાં ૧૦૦ કરોડ વૃક્ષો વાવવાનો માઈલસ્ટોન પાર કર્યો

**પીએમ મોદીનો મન કી બાત કાર્યક્રમ ૧૧ વિદેશી ભાષાઓ સિવાય ૨૨ ભારતીય ભાષાઓ અને ૨૯ બોલીઓમાં પ્રસારિત થયો છે, મન કી બાત ઓલ ઈન્ડિયા રેડિયોના ૫૦૦ થી વધુ બ્રોડકાસ્ટિંગ સ્ટેશનો પર પ્રસારિત**

। નવીદિલ્હી, તા.૨૪ ।

વડાપ્રધાન મોદી આજે મન કી બાત કાર્યક્રમના ૧૧૬મા એપિસોડને સંબોધિત કર્યું હતું.પીએમ મોદીનો મન કી બાત કાર્યક્રમ ૧૧ વિદેશી ભાષાઓ સિવાય ૨૨ ભારતીય ભાષાઓ અને ૨૯ બોલીઓમાં પ્રસારિત થયો છે. મન કી બાત ઓલ ઈન્ડિયા રેડિયોના ૫૦૦ થી વધુ બ્રોડકાસ્ટિંગ સ્ટેશનો પર પ્રસારિત થઈ રહી છે. આ સાથે જ ભારતીય જનતા પાર્ટીના અધિકારીઓ અને કાર્યકર્તાઓ પણ અલગ-અલગ જગ્યાએથી મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે આજે એનસીસી દિવસ છે. હું પોતે એનસીસી કેડેટ રહી ચુક્યો છું.



એનસીસી યુવાનોમાં શિસ્ત, નેતૃત્વ અને સેવાની ભાવના કેળવે છે. જ્યારે પણ કોઈ આપત્તિ આવે છે, ત્યારે એનસીસી કેડેટ્સ મદદ માટે ચોક્કસપણે હાજર હોય છે. આજે એનસીસીને મજબૂત બનાવવા માટે સતત કામ કરવામાં આવી રહ્યું છે. હવે એનસીસીમાં ગર્લ્સ કેડેટ્સની સંખ્યામાં ૪૦ ટકાનો વધારો થયો છે.આ વખતે ૧૨મી જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદની ૧૬૨મી જન્મજયંતિ પર વિશેષ રીતે ઉજવણી કરવામાં આવશે. આ પ્રસંગે ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ ભારત મંડપમ ખાતે યુવાનોનો મહાકુંભ યોજાવા જઈ રહ્યો છે. જેમાં કરોડો યુવાનો ભાગ લેશે. તમને યાદ હશે કે લાલ કિલ્લાની કિલ્લા પરથી મેં એવા યુવાનોને, જેમના પરિવારની કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ નથી, રાજકારણમાં આવવાનું આહ્વાન કર્યું હતું. આવા એક લાખ યુવાનોને રાજકારણ સાથે જોડવા અભિયાન ચલાવવામાં આવશે. આમાં ભારત અને વિદેશના નિષ્ણાતો આવશે. હું પણ શક્ય તેટલો આમાં હાજર રહીશ. દેશ આ વિચારોને કેવી રીતે આગળ લઈ શકે તેની બ્લુ પ્રિન્ટ તૈયાર કરવામાં આવશે. દેશની ભાવિ પેઢી માટે આ એક મોટી તક બનવા જઈ રહી છે.મન કી બાતમાં આપણે અવારનવાર એવા યુવાનો વિશે વાત કરીએ છીએ જે નિઃસ્વાર્થ ભાવે સમાજ માટે કામ કરી રહ્યા છે. એવા ઘણા યુવાનો છે જે લોકોની સમસ્યાઓના ઉકેલ શોધવામાં વ્યસ્ત છે.

## ન્યૂઝ બ્રિફ



**લસ્ટ સ્ટોરીઝ ૨'થી તમન્ના ભાટિયા અને વિજય વર્મા એકબીજાને ડેટ કરી રહ્યા**

### તમન્ના ભાટિયા અને વિજય વર્મા આવતા વર્ષે લગ્ન કરી શકે છે

। મુંબઇ,તા.૨૪ ।

લસ્ટ સ્ટોરીઝ ૨'થી તમન્ના ભાટિયા અને વિજય વર્મા એકબીજાને ડેટ કરી રહ્યા છે. બન્નેએ પોતાના રિલેશનશિપની પુષ્ટિ પણ કરી દીધી છે. જ્યારે તેઓ કોઈ એવોર્ડ ફંક્શન અથવા ફિલ્મ સ્ક્રીનિંગમાં સાથે હોય છે ત્યારે પણ તેઓ એકબીજાનો હાથ પકડીને જોવા મળે છે. આ દરમિયાન એવા અહેવાલો મળી રહ્યા છે કે આ બન્ને સ્ટાર્સ આવતા વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૫માં લગ્ન કરી શકે છે. જો કે, આ અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. પરંતુ ઘણા અહેવાલોમાં આવો દાવો કરવામાં આવી રહ્યો છે.પિંકવિલાના રિપોર્ટ અનુસાર વિજય વર્મા અને તમન્નાએ આવતા વર્ષે લગ્ન કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તેમજ ૧૨૩ તેલુગુના રિપોર્ટનું માનીએ તો તે બન્ને વર્ષ ૨૦૨૫માં સાત ફેરા લેશે.રિપોર્ટ્સનું માનીએ તો આ બન્ને કપલ લગ્ન બાદ સાથે રહેવા માટે ઘર શોધી રહ્યા છે.



### સલમાન ખાને સ્પર્ધકોનો પર્દાફાશ કર્યો, નેશનલ ટીવી પર નવો હંગામો

। મુંબઇ, તા.૨૪ ।

બિગ બોસ ૧૮: હિના ખાન ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે, પરંતુ તેમ છતાં તે હોસ્ટ સલમાન ખાન સાથે ૨૪ નવેમ્બરના એપિસોડમાં 'બિગ બોસ ૧૮'માં સ્પેશિયલ ગેસ્ટ તરીકે જોવા મળશે. આ દરમિયાન તે અભિનેતાને જોઈને ભાવુક થતી જોવા મળશે અને સલમાન તેના વખાણ કરતો જોવા મળશે. ઘણી સમસ્યાઓ હોવા છતાં તે તેના આગામી પ્રોજેક્ટના શૂટિંગમાં વ્યસ્ત છે. વીકએન્ડ કા વારમાં, ભાઈજાને દરેકની આકરી ટીકા કરી અને તે સ્પર્ધકનું નામ પણ જાહેર કર્યું કે જેનો બિગ બોસના ઘરમાં એક પણ મિત્ર નથી. રજત દલાલના કારણે ટાઈમ ગોડ બનેલા દિગ્વિજય રાઠીએ નેશનલ ટીવી પર તેમનું અપમાન કર્યું હતું.જ્યારે સલમાન ખાને કહ્યું કે તે કશિશને બચાવશે તો દિગ્વિજયે સ્પષ્ટ ના પાડી દીધી. આ પછી બિગ બોસે દિગ્વિજય અને કશિશ સિવાય કેટલાક અન્ય સ્પર્ધકોને કોન્ફરન્સ રૂમમાં બોલાવ્યા.

### ઈઝરાયેલના હુમલામાં ગાઝામાં અત્યાર સુધીમાં ૪૪ હજારથી વધુ લોકોના મોત થયા

। દેઇર અલ-બલાહ, તા.૨૩ ।

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ૧૩ મહિના સુધી ચાલેલા યુદ્ધ દરમિયાન ગાઝા પટ્ટીમાં મૃત્યુઆંક ૪૪,૦૦૦ને વટાવી ગયો છે. પેલેસ્ટાઈનના સ્થાનિક સ્વાસ્થ્ય અધિકારીઓએ ગુરુવારે આ અંગેની માહિતી આપી હતી. ગાઝા આરોગ્ય મંત્રાલય તેની ગણતરીમાં નાગરિકો અને લડવૈયાઓ વચ્ચે ભેદ પાડતું નથી, પરંતુ જણાવ્યું છે કે મૃતકોમાં અડધાથી વધુ મહિલાઓ અને બાળકો હતા. ઈઝરાયેલી સેનાએ કોઈ પુરાવા આપ્યા વિના કહ્યું છે કે તેણે ૧૭,૦૦૦થી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા છે.અત્યાર સુધીમાં ૪૪,૦૫૬ લોકો માર્યા ગયા છે અને ૧૦૪,૨૬૮ ઘાયલ થયા છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે વાસ્તવિક મૃત્યુઆંક વધારે છે કારણ કે હજારો મૃતદેહો કાટમાળ હેઠળ અથવા એવા વિસ્તારોમાં દટાયેલા છે જ્યાં ડોક્ટરો પહોંચી શકતા નથી. ગાઝામાં સ્થિતિ એવી છે કે લોકોને ભોજન અને પાણી પણ નથી મળી રહ્યું. લાખો લોકો વિસ્થાપિત પણ થયા છે.બંને પક્ષો વચ્ચે યુદ્ધ ત્યારે શરૂ થયું જ્યારે હમાસની આગેવાની હેઠળના આતંકવાદીઓએ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ ના રોજ દક્ષિણ ઈઝરાયેલ પર હુમલો શરૂ કર્યો.

**સિનેમાની દુનિયામાં તેમના ૫૦ વર્ષની ઉજવણી કરી**

### શબાના આઝમીને ફ્રાન્સમાં સ્ટેન્ડિંગ ઓવેશન મળ્યું, ફેસ્ટિવલમાં બતાવવામાં આવી ફિલ્મો

**ભારતીય અભિનેત્રી શબાના આઝમીએ ફ્રાન્સમાં આયોજિત ૩ ખંડોના ૪૬માં ફેસ્ટિવલમાં હાજરી આપી**

। મુંબઇ,તા.૨૪ ।

પીઢ ભારતીય અભિનેત્રી શબાના આઝમીએ ફ્રાન્સમાં આયોજિત ૩ ખંડોના ૪૬માં ફેસ્ટિવલમાં હાજરી આપી હતી. આ ઘટનાએ સિનેમાની દુનિયામાં તેમના ૫૦ વર્ષની ઉજવણી કરી. સમારોહમાં તેમની કેટલીક આઈકોનિક ફિલ્મો બતાવવામાં આવી હતી. આ ફિલ્મો વૈશ્વિક સિનેમા પરની તેમની પ્રખ્યાત સફરની અસરને પ્રકાશિત કરે છે. આ સમારોહમાં પ્રખ્યાત અભિનેત્રીએ સ્ટેન્ડિંગ ઓવેશન મેળવ્યું હતું.ફ્રાન્સના નેન્ટેસમાં '૪૬માં ફેસ્ટિવલ ડેસ ૩ કોન્ટિનેન્ટ્સ'માં પીઢ અભિનેત્રી શબાના આઝમીની પૂર્વદર્શન 'અંકુર' (૧૯૭૪), 'મંડી' (૧૯૮૩), 'માસૂમ' (૧૯૮૩) અને 'અર્થ' જેવી ફિલ્મોમાં તેમની ભૂમિકાઓ દર્શાવવામાં આવી હતી. (૧૯૮૨) અસાધારણ કાર્ય દર્શાવવામાં આવ્યું હતું. ફિલ્મો જોયા પછી, લોકો ઉભા થઈને તેમના સન્માનમાં તાળીઓ પાડી.પીઢ અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ પર ઈવેન્ટનો એક વિડિયો પોસ્ટ કરતા લખ્યું, "તે અદ્ભુત હતું. સ્ટેન્ડિંગ ઓવેશન મેળવવું અને સન્માન અનુભવવું ખૂબ જ ઉત્તેજક હતું. યુવા ફિલ્મ નિર્માતાઓ સાથે વાત કરવી ખૂબ ઉત્તેજક છે જેમણે પોતાનું ઘર ગીરો રાખ્યું છે, આશરો લીધો છે. તેની માતાના દાગીનાની ચોરી કરવા માટે, જો ફિલ્મો પૈસા નહીં કમાય તો તે રસ્તા પર ઉતરી જશે અને તેમ છતાં તે ફક્ત એટલું જ વિચારી શકે છે કે સિનેમા જીવન છે."અભિનેત્રી શબાના આઝમી પાંચ વખત નેશનલ ફિલ્મ એવોર્ડ વિજેતા રહી ચૂકી છે. અભિનેત્રીને તેની કારકિર્દી દરમિયાન ૧૯૮૮માં પદ્મશ્રી અને ૨૦૧૨માં પદ્મ ભૂષણ સહિત અનેક એવોર્ડ મળ્યા છે.

### ભારતે તેને "ખૂબ જ દુર્લભ અને ખૂબ જ દૂરનું" ગણાવ્યું

# ભારતે યુએસ ૩૦૦ બિલિયન ડોલર ક્લાયમેટ ફાઇનાન્સ ડીલને નકારી : ભારતનું સન્માન વધ્યું

**ભારતના આ વિરોધથી ગ્લોબલ સાઉથમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સન્માન વધુ વધ્યું છે । તમને જણાવી દઈએ કે ભારત હવે ગ્લોબલ સાઉથના અવાજ તરીકે વિશ્વમાં ઓળખાઈ ગયું છે**

। નવીદિલ્હી, તા.૨૪ ।

અઝરબૈજાનની રાજધાની બાકુમાં ચાલી રહેલી સંયુક્ત રાષ્ટ્રની ક્લાઈમેટ કોન્ફરન્સમાં આ વખતે ભારતે કોઈ પણ દેશનો દબદબો બનવા દીધો નથી. ભારતે રવિવારે ક્લાયમેટ ફાઈનાન્સ પેકેજને નકારી કાઢ્યું હતું જેનું લક્ષ્ય ગ્લોબલ સાઉથને ૨૦૩૫ સુધીમાં વાર્ષિક ૩૦૦ બિલિયન ડોલર પૂરા પાડવાનું છે. ભારતે તેને "ખૂબ જ દુર્લભ અને ખૂબ જ દૂરનું" ગણાવ્યું. ભારતે કહ્યું કે ગ્લોબલ સાઉથ માટે યુએસ ૩૦૦ બિલિયનની નાણાકીય સહાયનો આંકડો એ ૧.૩ ટ્રિલિયન યુએસ ડોલર કરતા ઘણો ઓછો છે જેની 'ગ્લોબલ સાઉથ' દેશો ક્લાઈમેટ ચેન્જનો સામનો કરવા માટે છેલ્લા ત્રણ વર્ષથી માંગ કરી રહ્યા છે. ભારતના આ વિરોધથી ગ્લોબલ સાઉથમાં વડાપ્રધાન નરેન્દ્ર



મોદીનું સન્માન વધુ વધ્યું છે.તમને જણાવી દઈએ કે ભારત હવે ગ્લોબલ સાઉથના અવાજ તરીકે વિશ્વમાં ઓળખાઈ ગયું છે. તેથી ભારતે ગ્લોબલ સાઉથને અન્યાય થવા દીધો નથી. જ્યારે માત્ર ભારતે જ આ નિર્ણયનો ખુલ્લેઆમ વિરોધ કરવાની હિંમત દેખાડી ત્યારે આખી દુનિયા તેની હિંમત જોઈને દંગ રહી ગઈ હતી. 'ગ્લોબલ સાઉથ' એ વિશ્વના નબળા અથવા વિકાસશીલ દેશોનો ઉલ્લેખ કરે છે. આર્થિક બાબતોના વિભાગની સલાહકાર ચાંદની રૈનાએ ભારત વતી નિવેદન આપતાં કહ્યું હતું કે કરારને અપનાવતા પહેલા તેણીને તેના મંતવ્યો રજૂ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી, જેના કારણે પ્રક્રિયામાં તેમનો વિશ્વાસ ઓછો થયો છે. તેમણે કહ્યું, "આ ઘણી ઘટનાઓનું પુનરાવર્તન છે જેમ કે સમાવેશીતાનું પાલન ન કરવું, દેશોના વલણનું સન્માન ન કરવું.

### ભારતીય સેના પ્રમુખે નેપાળની મુલાકાત લીધી, જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મુક્તિનાથ મંદિરમાં પ્રાર્થના કરી

। કાઠમંડુ, તા.૨૪ ।

ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ શનિવારે નેપાળના ગંડકી પ્રાંતમાં સ્થિત મુક્તિનાથ મંદિરની મુલાકાત લીધી હતી અને ત્યાં પ્રાર્થના કરી હતી. આ મંદિરનું હિન્દુ અને બૌદ્ધ બંને ધર્મમાં વિશેષ ધાર્મિક મહત્વ છે. નેપાળ આર્મી હેડક્વાર્ટરના સૂત્રોએ જણાવ્યું હતું કે જનરલ દ્વિવેદીએ પોખરામાં નેપાળ આર્મીના પશ્ચિમ વિભાગના મુખ્યાલયની પણ મુલાકાત લીધી હતી, જ્યાં મેજર જનરલ સંતોષ બલ્લભ પૌડ્યાલે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.ખાસ વાત એ છે કે ભારતના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ સ્વર્ગસ્થ જનરલ બિપિન રાવતના સન્માનમાં આ મંદિરમાં ઘંટ લગાવવામાં આવ્યો છે.

### ઈસ્લામાબાદમાં સુરક્ષામાં વધારો, શહેરની અંદરના રસ્તાઓ બંધ

। ઇસ્લામાબાદ, તા.૨૪ ।

પાકિસ્તાનમાં પોલીસ સત્તાવાળાઓએ જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનની પાર્ટી દ્વારા સૂચિત વિરોધના એક દિવસ પહેલા, શનિવારે રાષ્ટ્રીય રાજધાની ઈસ્લામાબાદના મુખ્ય પ્રવેશ બિંદુઓને બંધ કરવાનું શરૂ કર્યું. પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)ના સ્થાપક ઈમરાન ખાને વિરોધ પ્રદર્શન માટે 'અંતિમ કૉલ' કર્યો છે, તેમના સમર્થકોને ઈમરાન ખાન સહિત તમામ પીટીઆઈ કેદીઓને મુક્ત કરવાની માંગ કરવા માટે ઈસ્લામાબાદ તરફ કૂચ કરવા વિનંતી કરી છે.ઈમરાન ખાને તેમના સમર્થકોને ૮ ફેબ્રુઆરીની ચૂંટણીમાં તેમની કથિત જીતને ઓળખવા અને ૨૬મા બંધારણીય સુધારાને રદ કરવાની માગણી કરવા જણાવ્યું હતું. ૨૬માં બંધારણીય સુધારાએ ન્યાયાધીશો અને મુખ્ય ન્યાયાધીશની નિમણૂકની પ્રક્રિયામાં ફેરફાર કર્યો.નેશનલ મોટરવેઝ એન્ડ હાઈવે ઓથોરિટીએ સમારકામના કામને ટાંકીને એમ-૧ અને એમ-૨ મોટરવે તેમજ અન્ય મુખ્ય માર્ગોને બંધ કરવાની જાહેરાત કરી છે.

**અમેરિકન સિસ્ટમની મજાક લે છે** | **ભારતમાં એક દિવસમાં ૬૪ કરોડ વોટની ગણતરી થઈ અને કેલિફોર્નિયામાં હજુ પણ વોટની ગણતરી ચાલી રહી છે : મસ્ક**

# એલોન મસ્ક ભારતની ચૂંટણી પ્રણાલીની પ્રશંસા કરે છે

। વોશિંગ્ટન,તા.૨૪ ।

વિશ્વના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ એલોન મસ્કે ભારતની ચૂંટણી પ્રણાલીના વખાણ કર્યા છે અને સાથે જ અમેરિકાની ચૂંટણી પ્રક્રિયાને પણ આડે હાથ લીધી છે. વાસ્તવમાં, સોશિયલ મીડિયા પર એક યૂઝરે પોસ્ટ કરી હતી, જેમાં એક લેખનું હેડલાઈન પોસ્ટ કરવામાં આવ્યું હતું, જેમાં લખ્યું હતું કે 'ભારતે એક દિવસમાં ૬૪ કરોડ વોટ ગણ્યા'.આ પોસ્ટનો જવાબ આપતા ઈલોન મસ્કે લખ્યું કે 'ભારતમાં એક દિવસમાં ૬૪ કરોડ વોટની ગણતરી થઈ અને




કેલિફોર્નિયામાં હજુ પણ વોટની ગણતરી ચાલી રહી છે.' અન્ય એક યુઝરે ભારતમાં એક દિવસમાં ૬૪ કરોડ મતોની ગણતરીની વાત પણ કરી અને નિરાશા વ્યક્ત કરી કે અમેરિકન રાજ્ય કેલિફોર્નિયામાં ચૂંટણીને બે અઠવાડિયાથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ પણ મતોની ગણતરી ચાલુ છે. આ પોસ્ટ પર પણ પ્રતિક્રિયા આપતા મસ્કે તેને 'દુઃખ' ગણાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે જે લેખ પર ઈલોન મસ્કએ પ્રતિક્રિયા આપી હતી તેમાં થોડા મહિના પહેલા યોજાયેલી લોકસભા ચૂંટણીનો ઉલ્લેખ હતો. લેખમાં કહેવામાં આવ્યું હતું કે ભારતમાં ૯૦ કરોડ મતદાતા છે અને લગભગ ૬૪ કરોડ લોકોએ સામાન્ય ચૂંટણીમાં મતદાન કર્યું હતું. ભારતની ચૂંટણી એ વિશ્વની સૌથી મોટી ચૂંટણી છે અને લોજિસ્ટિક્સની દ્રષ્ટિએ તે એક ચમત્કાર છે.

ઉલ્લેખનીય છે કે કેલિફોર્નિયામાં હજુ ત્રણ લાખથી વધુ બેલેટ પેપરની ગણતરી બાકી છે. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને વિજયી જાહેર કરવામાં આવ્યા છે. કેલિફોર્નિયામાં ૩૯ મિલિયન રહેવાસીઓ છે અને તેમાંથી ૧૬ મિલિયન લોકોએ મતદાન કર્યું છે. આમાં પણ મોટી સંખ્યામાં લોકોએ ટપાલ દ્વારા મતદાન કર્યું હતું. જેના કારણે કેલિફોર્નિયામાં હજુ પણ મતગણતરી ચાલુ છે. અગાઉ છેલ્લી ૨૦૨૦ની ચૂંટણીમાં પણ કેલિફોર્નિયામાં મતોની ગણતરીમાં કેટલાંક અઠવાડિયા લાગ્યા હતા.

**આદિવાસી સાંપ્રદાયિક હિંસામાં ૩૦ લોકો ઘાયલ**

**ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં અફઘાનિસ્તાનની સરહદે આવેલા કુર્રમ જિલ્લામાં અલીઝાઈ અને બાગાન જાતિઓ વચ્ચેની અથડામણ પારાચિનાર નજીક પેસેન્જર વાનના કાફલા પરના હુમલા પછી શરૂ થઈ**

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં ૨૪ કલાકમાં આદિવાસી સાંપ્રદાયિક હિંસામાં ૩૭ લોકોના મોત

। ઇસ્લામાબાદ,તા.૨૪ ।

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વામાં છેલ્લા ૨૪ કલાકમાં આદિવાસી સાંપ્રદાયિક હિંસામાં ૩૭ લોકોના મોત થયા છે. જ્યારે ૩૦ લોકો ઘાયલ થયા છે. સરકારી અધિકારીઓએ જણાવ્યું હતું કે શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સ્થાનિક અને આદિવાસી વડીલો સાથેની વાતચીત સફળતાપૂર્વક આગળ વધી રહી છે. ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં અફઘાનિસ્તાનની સરહદે આવેલા કુર્રમ જિલ્લામાં અલીઝાઈ અને બાગાન જાતિઓ વચ્ચેની અથડામણ પારાચિનાર નજીક પેસેન્જર વાનના કાફલા પરના હુમલા પછી શરૂ થઈ હતી.સરકારના પ્રવક્તાએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન અલી અમીન ગાંડાપુરે પ્રદેશમાં



સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે વાતચીત અને વાટાઘાટો દ્વારા તમામ મુદ્દાઓને ઉકેલવા સ્પષ્ટ સૂચનાઓ આપી છે. પોલીસે કહ્યું કે આદિવાસીઓ ભારે અને સ્વચાલિત હથિયારોથી એકબીજાને નિશાન બનાવી રહ્યા છે. આ લડાઈમાં ઘરો અને દુકાનોને નુકસાન પહોંચ્યું છે અને વિવિધ ગામોના લોકો સલામત સ્થળે ખસી ગયા છે.પ્રાઈવેટ એજ્યુકેશન નેટવર્કના પ્રમુખ, મુહમ્મદ હયાત હસને પુષ્ટિ આપી હતી કે જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ શનિવારે બંધ રહી હતી. આ હિંસાનો વીડિયો સામે આવ્યો છે, જેમાં લોકોના મૃતદેહો દેખાઈ રહ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે છ મહિલાઓને બંદી બનાવી લેવામાં આવી હોવાના અહેવાલો છે, પરંતુ મર્યાદિત કનેક્ટિવિટીને કારણે વધુ માહિતી મેળવવા માટે ઓછી માહિતી અને સંચાર ઉપલબ્ધ છે.પોલીસે જણાવ્યું હતું કે બાલિશખેલ, ખાર કાલી, કુંજ અલીઝાઈ અને મકબાલમાં દિવસભર ગોળીબાર ચાલુ રહ્યો હતો.













# એએમસીની જુનિયર ક્લાર્કની પરીક્ષામાં ભારે હોબાળો

। અમદાવાદ, તા.૨૪ ।

એએમસીની જુનિયર ક્લાર્કની પરીક્ષામાં વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હોવાની ઘટના સામે આવી છે. કુવૈસ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો હતો. પેપરમાં સિરીઝમાં ખામી સર્જાતા હોબાળો થયો હતો. પ્રશ્નપત્ર સિરીઝ અને જવાબવહી સિરીઝ અલગ હોવાનો આક્ષેપ કરાયો હતો.

સરખેજમાં આવેલા એક્ઝામ સેન્ટર પર વિવાદ થયો હોવાનું સામે આવ્યું છે. 'સ્ઈ આન્સર શીટની સિરીઝ બદલાઈ હોવાના આરોપ સાથે કેટલાક વિદ્યાર્થીએ હોબાળો કર્યો હતો અને અન્યોને એક્ઝામ આપતા રોક્યા હતા. ૭૧૮ જુનિયર ક્લાર્કની જગ્યા માટે ૧.૧૦ લાખ કરતા વધુએ શાંતિપૂર્વક લેખિત પરીક્ષા આપી હતી. ૩૧૨ સેન્ટર પર પરીક્ષા યોજાઈ હતી. જેમાંથી એક સેન્ટર પર કેટલાક વિદ્યાર્થીએ વિરોધ કરતા વિવાદ સર્જાયો હતો.

















**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya